Saturday 24, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૪૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖
વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# દમણમાં 'સુકૂન ઘી'નો ભેળસેળીયો કારભાર





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** તહેવારો દરમિયાન ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ સામે ચાલી રહેલી કાર્યવાહી અંતર્ગત દમણના ખાદ્ય સુરક્ષા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. રિંગણવાડા-કચીગામ સ્થિત મે. સાવત્તા ફૂડ પ્રોડક્ટ્સમાંથી 'સુકૂન ઘી' બ્રાન્ડના ૮,૨૨૪.૩૭ કિલોગ્રામ અમાનક ગાયના ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. વિભાગ દ્વારા લેવામાં આવેલા ઘીના નમૂનાની પ્રયોગશાળામાં તપાસ દરમિયાન વનસ્પતિ ચરબીની ભેળસેળના સંકેતો મળી આવ્યા હતા. આ મામલે સંબંધિત એકમને સુધારણા નોટિસ અને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. ખાદ્ય સુરક્ષા વિભાગના જણાવ્યા અનુસાર, સંબંધિત એકમમાંથી લેવામાં આવેલા ઘીના નમૂનાની તપાસ એનએબીએલ માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં કરાવવામાં આવી હતી. તપાસમાં બીટા-સિટોસ્ટેરોલની હાજરી મળી આવી હતી, જે વનસ્પતિ ચરબી સાથે સંબંધિત તત્ત્વ છે. આ ઉપરાંત, ઘીનું આર.એમ. મૂલ્ય નિર્ધારિત લઘુત્તમ ૨૪.૦ની સરખામણીએ માત્ર ૧.૩૨ નોંધાયું હતું. નમૂનામાં બોડોઈન ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. આ તારણોના આધારે ઘીનો નમૂનો નિર્ધારિત ગુણવત્તા માપદંડો મુજબનો ન હોવાનું સામે આવ્યું છે. પ્રયોગશાળાના અહેવાલના આધારે ખાદ્ય સુરક્ષા વિભાગે ખાદ્ય સુરક્ષા અને ધોરણ અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૩૨ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. સંબંધિત એકમને 'સુકૂન ઘી'ના વેચાણ અને સપ્લાય પર તાત્કાલિક રોક લગાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. નિર્ધારિત સમયમર્યાદામાં નોટિસનો સંતોષકારક જવાબ નહીં મળે તો ખાદ્ય સુરક્ષા લાઈસન્સ સસ્પેન્ડ અથવા રદ કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

## ૮ ટનથી વધુનો જથ્થો જપ્ત : વનસ્પતિ ચરબીની મિલાવટની શકયતા

ખાદ્ય સુરક્ષા અધિકારીઓના નિરીક્ષણ દરમિયાન એકમમાં સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાને લગતી અનેક ખામીઓ પણ જોવા મળી હતી. પરિસરમાં સ્વચ્છતાનો અભાવ હતો અને કાચા માલના સુરક્ષિત સંગ્રહ માટે પૂરતી વ્યવસ્થા નહોતી. આ ઉપરાંત, એકમના સંચાલક જરૂરી મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ, કાચા માલની ખરીદીનાં બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો રજૂ કરી શક્યા નહોતા. મિલાવટ સામે કાર્યવાહી ચાલુ રહેશેઆરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, પ્રશાસક પ્રફુલ પટેલના માર્ગદર્શન હેઠળ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિશેષ તપાસ અને અમલીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ગ્રાહકોને સુરક્ષિત ખાદ્ય પદાર્થો ઉપલબ્ધ થાય અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન થાય તે માટે સમગ્ર પ્રદેશમાં તપાસ અને કાયદેસરની કાર્યવાહી સતત ચાલુ રહેશે.

# ગુંદલાવમાં દૂધ ભરેલો ટેમ્પો પલટયો : લોકો દૂધ લૂંટવા દોડયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ નજીકના ગુંદલાવ ઓવરબ્રિજ નીચે એક દૂધ ભરેલો ટેમ્પો પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. વલસાડ ટેમ્પામાં દૂધ ભરી વલસાડ નેશનલ હાઈવે નંબર ૪૮ પરના ગુંદલાલ હાઈવે પરથી સેલવાસ તરફ જઈ રહ્યો હતો. એ દરમિયાન ટેમ્પો ચાલક ટર્ન લેતી વખતે ચાલકે કાબૂ ગુમાવતા ટેમ્પો ડિવાઈડર પર ચડી ગયો હતો અને પલટી ખાઈ ગયો હતો. અકસ્માતમાં ટેમ્પોને ભારે નુકસાન પહોંચ્યું હતું અને વાહનમાં ભરેલી દૂધની થેલીઓ રસ્તા પર વેરવિખેર થઈ ગઈ હતી. અનેક થેલીઓ ફાટી જતાં માર્ગ પર દૂધની નદીઓ વહેવા લાગી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. જોકે, મદદ કરવા આગળ આવવાને બદલે કેટલાક લોકો રસ્તા પર પડેલી દૂધની થેલીઓ ઉઠાવીને લઈ જવા દોડ્યા હતા. ચાલકે વાહન પરથી કાબૂ કયા કારણોસર ગુમાવ્યો તે અંગેની વધુ વિગતો હજુ સામે આવી નથી.









# ગણદેવીમાં રૂા.૬.૫૩ કરોડના ખર્ચે ૧૮ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું

## ગામડાંના સર્વાંગી વિકાસ અને છેવાડાના વિસ્તારોમાં પાયાની સુવિધાઓ પહોંચાડવા સરકાર કટિબદ્ધ : નરેશભાઈ પટેલ



**ગણદેવી, તા. ૨૩ :** ગણદેવી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે રૂ. ૬.૫૩ કરોડના ખર્ચે ૧૮ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વિવિધ સરકારી યોજનાઓ હેઠળ હાથ ધરાનારા આ વિકાસકાર્યોમાં ગ્રામ્ય રસ્તાઓનું નિર્માણ, રસ્તાઓનું પુનઃનિર્માણ અને નવીનીકરણ તેમજ ગ્રામ પંચાયતનાં નવાં ભવનોના બાંધકામનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગામડાંઓના સર્વાંગી વિકાસ અને છેવાડાના વિસ્તારો સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવી સરકારની પ્રાથમિકતા છે. ગ્રામ્ય વિસ્તારોમાં સારા રસ્તા અને અન્ય માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થવાથી ગ્રામજનોની અવરજવર સરળ બનશે તથા વિકાસને વેગ મળશે. તેમણે સંબંધિત અધિકારીઓને તમામ વિકાસકાર્યો ગુણવત્તા જાળવીને નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી.અંભેટા ગામે રૂ. ૫૫.૯૩ લાખના ખર્ચે ગોયલી ફળિયા રોડ, રૂ. ૧૨.૮૦ લાખના ખર્ચે ગોયલી ફળિયાથી આલીપોર તરફ જતો ખાંભિયા રોડ, રૂ. ૧.૩૦ કરોડના ખર્ચે ગોયલી ફળિયાનો રસ્તો અને રૂ. ૧૮ લાખના ખર્ચે આશ્રમશાળા રસ્તાનું કામ હાથ ધરાશે.કેસલી ગામે રૂ. ૩૫ લાખના ખર્ચે પટેલ ફળિયા રોડ અને રૂ. ૨૦ લાખના ખર્ચે ગ્રામ પંચાયતથી હળપતિવાસ સુધીના રસ્તાનું કામ કરવામાં આવશે. નાંદરખા ગામે રૂ. ૩૫ લાખના ખર્ચે વચલા ફળિયાથી વાઝરી ફળિયા તરફ જતા રસ્તાનું નિર્માણ તથા રૂ. ૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ પંચાયત ભવનનું બાંધકામ હાથ ધરાશે.

ઉંડાચ ગામે રૂ. ૫૦.૯૭ લાખના ખર્ચે લુહાર ફળિયા અને વાણિયા ફળિયાથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૪૮ને જોડતા રસ્તા તથા રૂ. ૧૦ લાખના ખર્ચે મુખ્ય રસ્તાથી આરોગ્ય પેટાકેન્દ્રને જોડતા રસ્તાનું કામ થશે. દેસાડ ગામે રૂ. ૧૭ લાખના ખર્ચે નાયકીવાડથી હળપતિવાસ થઈ પંચાયત ઘર અને પ્રાથમિક શાળાને જોડતા રસ્તાનું નિર્માણ કરાશે. ખેરગામ ખાતે રૂ. ૪૦.૫૦ લાખના ખર્ચે કોળગીવાસના મુખ્ય રસ્તાથી વૃદ્ધાશ્રમ તરફ ફ્રૂટ રિસર્ચ સેન્ટરને જોડતા રસ્તાનું કામ હાથ ધરાશે.

# નવસારીના શિક્ષકને રાજ્યકક્ષાનો પ્રકૃતિ મિત્ર એવોર્ડ-૨૦૨૬ એનાયત કરાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ધરમપુર, તા.૨૩ :** બનાસકાંઠા જિલ્લાના હડાદ (ખેડબ્રહ્મા- અંબાજી હાઈવે) વાત્સલ્યધામ શિક્ષણ અને સેવા સંકુલ ખાતે પ્રકૃતિ મિત્ર ગુજરાત દ્વારા ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીની પ્રેરણા અને આશીર્વાદ તથા કિશનચંદ ટેકચંદ પરિવારના સૌજન્યથી પ્રકૃતિ મિત્ર એવોર્ડ-૨૦૨૬ નો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો.




પ્રકૃતિ મિત્ર ગ્રુપ ગુજરાત દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે કાર્યરતા શિક્ષકો, અધિકારીઓ, સંસ્થાના પ્રતિનિધિઓ, ખેડૂતો, તમામ વ્યક્તિઓને જોડીને પ્રકૃતિ બચાવો, વૃક્ષો વાવો અને આવનારી પેઢીને ભવિષ્ય આપોના સંદેશને વધુ વ્યાપક બનાવવાના સંકલ્પ સાથે ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના પ્રકૃતિપ્રેમીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન સાબરકાંઠાના સાંસદ શોભનાબેન બારૈયા, કિશનચંદ ટેકચંદ પરિવાર ખેડબ્રહ્માના રાજાભાઈ ચાવલા, વાહ ઈન્ડિયા ફાઉન્ડેશનના પ્રફુલભાઈ અમીન, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વાવ-થરાદ કે. કે. પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક બનાસકાંઠાના ડૉ.એસ.ડી. જોષી, આર્ટ ઓફ લિવિંગના સંજીવ કોઠારી અને ગણમાન્ય વ્યક્તિઓ હાજર રહ્યા હતા.આ સન્માન કાર્યક્રમમાં માંડવી તાલુકાના નવચેતન કેળવણી મંડળ સંચાલિત માધ્યમિક શાળા તાપીવન વિદ્યાલય, સરકૂઈના સર્જન ઈકો ક્લબના ઈનચાર્જ શિક્ષક, નિવૃત ભાષા શિક્ષક કિશોરકુમાર રતિલાલ ટંડેલ, રહેવાસી (ઓંજલ) નવસારીને કિશનચંદ ટેન્શન પરિવાર ખેડબ્રહ્માના રાજાભાઈ ચાવલાના હસ્તે પ્રકૃતિ મિત્ર એવોર્ડ- ૨૦૨૬ થી સન્માનિત કરવામાં આવ્યા છે.શિક્ષક કિશોર આર. ટંડેલ દ્વારા સર્જન ઈકો કલબ સરકુઈ પ્રોજેક્ટ હેઠળ શાળામાં શિક્ષકો અને બાળકો સાથે મળી પર્યાવરણ બચાવો અંતર્ગત વિવિધ -કારની કામગીરી કરી જેનાથી બાળકોમાં અભ્યાસ સાથે નાનપણથી જ પર્યાવરણ જાળવણી અને સંવર્ધન માટે જાગૃતિ આવે અને પર્યાવરણ સંરક્ષણના બીજ નિરૂપણ થાય તેવા પ્રયાસો કર્યા છે. શાળામાં વૃક્ષારોપણ, જળ બચાવો, ઉર્જા બચત, સ્વચ્છતા જાળવણી, પ્રદૂષણ નિવારણ, પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાન હાથ ધરવામાં આવ્યું જે કાર્યરત છે. પર્યાવરણ સંરક્ષણ માટે સક્રિય યોગદાન આપતા કિશોર ટંડેલની આ સિદ્ધિ બદલ તેમને વિવિધ ક્ષેત્રોમાંથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૪-૧૦-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** આસો સુદ, તેરસ, **સૂર્યોદય :** ૦૬ : ૪૪ **સૂર્યાસ્ત** ૦૬ : ૦૩, **ચંદ્રોદય** - ૦૪:૪૪ **ચંદ્રાસ્ત** - ૦૫:૩૬ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - ઉત્તરભાદ્રપદ

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** સર્જનાત્મક કાર્યમાં સફળતા મળશે.નોકરીમાં પ્રમોશન અથવા નવા અવસર મળી શકે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી.

**વૃષભ(બ.વ.ઉ) :** વ્યવસાયમાં ભાગીદારીથી લાભ થશે.દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીમાં સંયમ રાખવો જરૂરી. અટકેલા કામ પૂરા થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. કામમાં પ્રગતિ જોવા મળશે.સામાજિક જીવન સક્રિય રહેશે.

**કર્ક(ડ.હ) :** દિવસ દરમિયાન ભાગદોડ રહેશે, પરંતુ અંતે સફળતા મળશે. ખર્ચ ઉપર નિયંત્રણ રાખવું. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધશે, જે તમને આંતરિક શાંતિ આપશે.

**સિંહ(મ.ટ.) :** માનસિક શાંતિ રહેશે. કાર્યસ્થળ પર -શંસા મળશે. આર્થિક લાભના સારા યોગ છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** ધનલાભના યોગ છે. ભાગ્ય સાથ આપશે. લાંબા ગાળાના રોકાણ માટે સારો દિવસ.ખર્ચા પર નિયંત્રણ રાખશો તો દિવસ સરળ રહેશે.

**તુલા (ર.ત.) :** સ્વાસ્થ્ય પ્રત્યે સાવધાન રહેવું. નજીકના વ્યક્તિ સાથે વિવાદ ટાળવો. ટૂંકી મુસાફરીનો યોગ બની શકે છે. કામમાં ઉત્સાહ રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** પરિવાર તરફથી પૂરો સહયોગ મળશે.નવા કાર્યની શરૂઆત માટે શુભ દિવસ.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે. શત્રુઓ પર વિજય મળશે.

**મકર(જ.ખ) :** રચનાત્મક કાર્યોમાં રસ વધશે. સંતાન તરફથી ખુશખબર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે.

**કુંભ(ગ.શ.સ.) :** ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે. માતા તરફથી લાભ શક્ય છે. વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખવી.

**મીન(દ.ચ.ઝ.થ.) :** સાહસ અને પરાક્રમમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનોનો સંપૂર્ણ સહયોગ મળશે.

# સાપુતારા ખાતે ફુવારાઓની જાળવણી અંગે સવાલો




**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૨૩ :** ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારાને પ્રવાસીઓ માટે વધુ આકર્ષક બનાવવા વિવિધ વિસ્તારોમાં સુશોભિત ફુવારાઓ ઊભા કરવામાં આવ્યા છે. જોકે, સર્કિટ હાઉસ તરફ જતા માર્ગ પર આવેલો ફુવારો હાલમાં કાર્યરત નથી હોવાના દાવા સામે આવ્યા છે. આ અંગે નોટિફાઈડ એરિયા કચેરી દ્વારા સ્થળ નિરીક્ષણ કરી વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, સાપુતારાના વિવિધ વિસ્તારોમાં આવેલા સુશોભિત ફુવારાઓની જાળવણીની જવાબદારી સંબંધિત હોટલોને સોંપવામાં આવી હોવાનું જણાવાય છે. સર્કિટ હાઉસ માર્ગ પરના ફુવારાની જવાબદારી સ્ટાર હોલીડે હોમને સોંપવામાં આવી હોવાનો પણ દાવો કરવામાં આવે છે. સ્થળ પર ફુવારો બંધ હોવાની સાથે તેની નજીક સ્ટાર હોલીડે હોમનું જાહેરાત બોર્ડ લગાવવામાં આવ્યું હોવાની માહિતી પણ સામે આવી છે. ફુવારાની જાળવણીની જવાબદારી કોઈ સંસ્થા અથવા હોટલને સોંપવામાં આવી હોય તો તેની કામગીરીની નિયમિત ચકાસણી કેવી રીતે થાય છે તે અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. જો ફુવારો ખરેખર લાંબા સમયથી બંધ હોય, તો તેને ફરી કાર્યરત કરવા માટે કચેરી અથવા જવાબદાર સંસ્થા દ્વારા કયા પગલાં લેવામાં આવ્યા છે તે જાણવા યોગ્ય રહેશે.જાહેર સુવિધાઓની જાળવણી અંગે જવાબદારી નક્કી કરવા માટે સંબંધિત કરાર, મંજૂરી અથવા વહીવટી નોંધ ઉપલબ્ધ છે કે નહીં તેની પણ તપાસ થવી જોઈએ.જેમાં જવાબદારી સોંપવામાં આવી હોવાની માહિતીની સત્તાવાર પુષ્ટિ થયા બાદ જ કામગીરી અંગે નિષ્કર્ષ કાઢી શકાય.હાલમાં દિવાળીના તહેવારો દરમિયાન સાપુતારામાં પ્રવાસીઓની અવરજવર વધવાની શક્યતા હોવાથી ફુવારાઓ સહિત પ્રવાસન સ્થળોની અન્ય સુવિધાઓની સ્થિતિનું નિરીક્ષણ કરવું જરૂરી છે.

# સાપુતારા પોલીસે બેભાન હાલતમાં મળી આવેલા અજાણ્યા ઈસમનો જીવ બચાવ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૨૩ :** ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તેમજ નાયબ પોલીસ અધિક્ષકો કે.આર.ડીમરી અને જનેશ્વર નલવૈયા દ્વારા વિજયાદશમીના તહેવારને અનુલક્ષીને સાપુતારા પોલીસની ટીમને સઘન પેટ્રોલિંગ કરવા માટેની સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના અનુસંધાને સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ. જે.કે.બારીયાની ટીમે સઘન પેટ્રોલીંગ હાથ ધર્યું હતુ. જેમાં ગત તા. ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજના સમયે સાપુતારા બસ સ્ટેશન ખાતે એક અજાણ્યો ઈસમ બેભાન અવસ્થામાં પડ્યો હોવાની જાણ ડાયલ ન.૧૧૨ જનરક્ષકના ઈન્ચાર્જ અ.પો.કો. નીતિશભાઈ પદમાભાઈ (બ.નં. ૨૩૩)ને તેમના મોબાઈલ પર આવેલા ફોન દ્વારા કરવામાં આવી હતી.આ અંગેની જાણ થતાં જ સાપુતારા



પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન હાલતમાં મળી આવેલા ઈસમને વિલંબ કર્યા વિના સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને યોગ્ય સારવાર આપવામાં આવી હતી. સમયસર સારવાર મળતાં ઈસમ ભાનમાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસ દ્વારા તેની પૂછપરછ કરવામાં આવતાં તેણે પોતાનું નામ જયકુમાર અને પોતે વિજયવાડા, આંધ્રપ્રદેશનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તેની સાથે કોઈ સગાંસંબંધીઓ ન હોવાનું પણ જાણવા મળ્યું હતુ.આ ઈસમની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેને વધુ સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે શામગહાન સામુહિક આરોગ્ય કેન્દ્ર (સી.એચ.સી.) ખાતે ખસેડવામાં આવ્યો હતો.સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે. કે. બારિયાની ટીમે સમયસૂચકતા, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને માનવતાની ભાવના સાથે કામગીરી કરી એક વ્યક્તિને સમયસર સારવાર અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સાપુતારા પોલીસની આ કામગીરી નાગરિકોની સુરક્ષા, સેવા અને માનવજીવનની રક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની છે. પોલીસની ફરજ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાની જ નથી, પરંતુ જરૂરિયાતના સમયે માનવજીવનની રક્ષા કરવી પણ છે.


## દમણ રેડિયો

102.3 FM

શનિવાર/રવિવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.


# રાનવેરીખુર્દમાં નવસારી કૃષિ યુનિ.ના જુવાર સંશોધન વિભાગે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ચીખલી તાલુકા ના રાનવેરી ખુરદ ના સહકાર નગર મા અનુ.જાતિ ના ખેડૂતો રવિ પાક જુવાર નું વાવેતર અને ઉત્પાદન કરી આર્થિક રીતે આત્મનિર્ભર બને એવા ઉમદા હેતુ માટે નવસારી કૃષિ યુનિવર્સિટીના જુવાર સંશોધન વિભાગ દ્વારા પ્રમાણિત બિયારણ, દવા અને છટકાવ માટે નો પંપ (સ્પ્રે પંપ) નું વિનામૂલ્યે વિતરણ અનુ.જાતિના ખેડૂતો ને કરવામાં આવ્યું હતું માર્ગદર્શન અને વિતરણ કાર્યક્રમ દરમિયાન કૃષિ વૈજ્ઞાનિક અને નિષ્ણાતો ડૉ. હર્ષિલ પાટિલ, ડૉ. કેતન કંજારિયા,ડૉ. નિરવ રાડરિયા,ડૉ. હિરેન ધેર અને ડૉ. વિનુ ઝિન્જાળા એ ખેડૂતો ને જુવાર ના પાક અને જમીનની ગુણવત્તા તેમજ ખોરાક તરીકેની ઉપયોગીતા અંગે વિસ્તૃત માહિતી, માર્ગદર્શન અને જાણકારી આપી હતી. આ પ્રસંગે ગામના માજી સરપંચ અને સામાજિક કાર્યકર શ્રી બિરેન પટેલે પ્રાસંગિક પ્રેરણાદાયી વક્તવ્ય રજુ કરી ખેડૂતો ને -ોત્સાહિત કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં વાંસદા તાલુકા પંચાયત ના સભ્ય મહેશ ભાઈ રાઠોડનું ખેડૂતો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું વિતરણ કાર્યક્રમ દરમિયાન ચાપલધરાના સરપંચ ચીમનભાઈ પટેલ, સહકારી આગેવાનો લક્ષ્મણભાઈ, જીતુભાઈ, જવાહર, પરભુ ભાઈ, રમેશ ભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ હાજર રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સામાજિક કાર્યકર અને અગ્રણી ખેડૂત અનિલ કુમાર ભારતી દ્વારા કરવામાં આવ્યું જેમણે અનુ.જાતિના ખેડૂતો ખેતી તરફ આગળ વધી સ્વાવલંબી બને એવી અપીલ કરી હતી.

# માસામાં કાળી ચૌદશ અને નૂતન વર્ષે ભવ્ય મેળો યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૩ :** ગણદેવી તાલુકાના માસા ગામે આવેલ સુપ્રસિદ્ધ શ્રી કાળીકા માતાજી મંદિર પરિસરમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળો રવિવાર, તા. ૦૮-૧૧-૨૦૨૬ (કાળી ચૌદશ) તથા મંગળવાર, તા. ૧૦-૧૧-૨૦૨૬ (નૂતન વર્ષ)ના રોજ યોજાશે. કાળીચૌદશના પાવન અવસરે પ્રાતઃકાળે ૪ વાગ્યે વિશેષ આરતી યોજાશે, જ્યારે વહેલી સવારે ૩ થી ૪ વાગ્યા સુધી મંદિર દર્શનાર્થીઓ માટે બંધ રહેશે. સામાન્ય દિવસોમાં મંદિર સવારે ૭ થી સાંજે ૬વાગ્યા સુધી ખુલ્લું રહે છે અને સવારે ૮ તથા સાંજે ૫:૩૦ વાગ્યે આરતી થાય છે. સુરત, રાંદેર, હજીરા, ભીમપોર-ડુમસ, નવસારી, બારડોલી, ગણદેવી, બીલીમોરા, વલસાડ સહિત સમગ્ર પંથકમાંથી વિવિધ સમાજના કુળદેવી ભક્તો અહીં મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડે છે, જેમના માટે નવસારી, બીલીમોરા અને અમલસાડથી પાકા ડામર રસ્તાની ઉત્તમ સુવિધા છે.

### 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત

# સાપુતારા પોલીસે શોધી કાઢેલા બે ગુમ મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

**સાપુતારા, તા.૨૩ :** ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ તથા નાયબ પોલીસ અધિક્ષક કે. આર. ડિમરીના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ દ્વારા 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત ગુમ થયેલા બે મોબાઈલ ફોન શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર, સાપુતારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ડાયરી એન્ટ્રી નંબર ૦૯/૨૦૨૬ના કામે અરજદાર દેવરામભાઈ શંકરભાઈ ગાવીતનો વીવો કંપનીનો ૭૩૧ મોડેલનો મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. ૧૬,૦૦૦ હતી, તે તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શામગહાનથી બારીપાડા જવાના રસ્તા પર ક્યાંક પડી જતાં ગુમ થયો હતો. તેવી જ રીતે, સુરત જિલ્લાના કોસંબા પોસ્ટ વિસ્તારના તરસાડી ખાતે શંકરદીપ-૦૨, હાઉસ નંબર ૧૬માં રહેતા અરજદાર ઈન્દ્રજીતસિંહ મહેન્દ્રસિંહ તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાપુતારા ખાતે ફરવા આવ્યા હતા. તે દરમિયાન સાપુતારા બોટિંગ પાસે તેમનો Motorola M70 Fusion 5G મોબાઈલ ફોન, જેની કિંમત રૂ. ૨૯,૯૯૯ હતી, તે ક્યાંક પડી







જતાં ગુમ થયો હતો. બંને અરજદારોએ આ અંગે સાપુતારા પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં સાપુતારા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર જે. કે. બારીયા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર બી. બી. પટેલની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સની મદદથી બંને મોબાઈલ ફોન શોધી કાઢ્યા હતા. ત્યારબાદ કુલ રૂ. ૪૫,૯૯૯ની કિંમતના બંને મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. આ રીતે સાપુતારા પોલીસની ટીમે 'તેરા તુજકો અર્પણ' પ્રોજેક્ટ અંતર્ગત સરાહનીય કામગીરી કરી પોલીસ પ્રજાની સેવા અને સુરક્ષા માટે સતત કાર્યરત હોવાનો સંદેશ આપ્યો છે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

**મુખ્ય કાર્યાલય**

**દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.**

**ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫**

**ઈમેલ- editor.dgt@gmail.com**


## સુડોકુ નં.૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 1 | | | 5 | 4 | 9 |
| 3 | | | | | 4 | | 2 | 6 |
| | | | | | 7 | 3 | | |
| | 2 | 3 | | | 9 | | | 8 |
| 1 | | | | | | | | 2 |
| 5 | | | 4 | | | 9 | 1 | |
| | | 9 | 3 | | | | | |
| 2 | 3 | | 9 | | | | | 4 |
| 7 | 4 | 6 | | | 2 | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૧૪નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 2 | 9 | 5 | 1 | 4 |
| 9 | 2 | 5 | 7 | 1 | 4 | 8 | 3 | 6 |
| 8 | 4 | 1 | 6 | 3 | 5 | 9 | 2 | 7 |
| 2 | 8 | 7 | 4 | 6 | 3 | 1 | 5 | 9 |
| 1 | 5 | 4 | 9 | 7 | 2 | 3 | 6 | 8 |
| 6 | 9 | 3 | 5 | 8 | 1 | 7 | 4 | 2 |
| 5 | 1 | 9 | 2 | 4 | 7 | 6 | 8 | 3 |
| 4 | 7 | 8 | 3 | 5 | 6 | 2 | 9 | 1 |
| 3 | 6 | 2 | 1 | 9 | 8 | 4 | 7 | 5 |

## દમણમાં નાના કરદાતાઓ માટે 'જન સે સમૃદ્ધિ' શિબિર યોજાશે

### વાપીમાં સેન્ટ્રલ જીએસટી ઓફિસ ખાતે કૌશલ કેન્દ્ર અને રિટર્ન મિત્ર સુવિધાનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા. ૨૩ :** નાના વ્યવસાયો અને કરદાતાઓને GST પાલનમાં મદદ કરવા માટે, સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (CGST) કમિશનરેટ, દમણ, ૨૬ ઓક્ટોબરના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરિયમ ખાતે જન સે સમૃદ્ધિ શિબિરનું આયોજન કરશે. CBIC ના ૧૦૦-દિવસીય રાષ્ટ્રવ્યાપી કરદાતા આઉટરીચ કાર્યક્રમ, સહજ કર સંવાદના ભાગ રૂપે આયોજિત આ શિબિરમાં જીવનના વિવિધ ક્ષેત્રોના લોકોને કર સંબંધિત માર્ગદર્શન અને સરકારી સેવાઓ વિશે માહિતી પૂરી પાડવામાં આવી હતી. શિબિરમાં નાગરિકો અને વરિષ્ઠ નાગરિકો, ખેડૂતો અને માછીમારો, મહિલાઓ અને સ્વ-સહાય જૂથો, યુવાનો અને સ્ટાર્ટઅપ્સ, કારીગરો અને શેરી વિક્રેતાઓ, અને MSME અને ઉદ્યોગો માટે સહાય કેન્દ્રો સ્થાપવામાં આવ્યા હતા. વધુમાં, GST અને આવકવેરા માર્ગદર્શન, બેંકિંગ સુવિધાઓ અને ક્રેડિટ કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવ્યું હતું.

તમારા ક્ષેત્રમાં મુખ્ય GST મુદ્દાઓ સત્ર હેઠળ આ કાર્યક્રમમાં ૫૭મી GST કાઉન્સિલની ભલામણો અને નિર્ણયો અંગે માહિતી આપવામાં આવી હતી. તેમાં GST નિયમોમાં થયેલા ફેરફારો, તેમની અસરકારક તારીખ, કરદાતાઓ પર અસર અને પાલન પદ્ધતિઓ સમજાવવામાં આવી હતી. લોકોને મદદ કરવા માટે હેલ્પડેસ્ક અને QR કોડ દ્વારા ડિજિટલ સામગ્રી પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તે જ દિવસે, સાંજે ૫ વાગ્યે, વાપીના RCP કમ્પાઉન્ડ ખાતે સ્થિત સેન્ટ્રલ GST ઓફિસમાં નાના કરદાતાઓ માટે "GST કૌશલ્ય કેન્દ્ર અને રિટર્ન મિત્ર સુવિધાઓનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ સુવિધાઓનો ઉદ્દેશ્ય નાના અને મધ્યમ કદના વ્યવસાયોને GST પાલનમાં મદદ કરવાનો છે, જેથી તેમને સંસાધનોના અભાવે કર સંબંધિત પ્રક્રિયાઓમાં મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે. આ કેન્દ્ર નાના કરદાતાઓને GST રિટર્ન ફાઈલિંગ, નોંધણી અને અન્ય સંબંધિત કાર્યોમાં મફત સહાય પૂરી પાડશે. વધુમાં, GST પાલનનું જ્ઞાન મેળવવામાં રસ ધરાવતા નાગરિકોને Microsoft Excel, Tally Prime, GST બિલિંગ, e-way બિલ જનરેશન અને GST રેકોર્ડ જાળવણી જેવા વિષયો પર તાલીમ અને માર્ગદર્શન મળશે.

GST સ્કીલ સેન્ટર દર શનિવારે સાંજે ૪ થી ૫ વાગ્યા સુધી CGST દમણ ઓફિસ, RCP કમ્પાઉન્ડ, વાપી ખાતે કાર્યરત રહેશે. કમિશનરેટે વ્યવસાયો, MSME, કર વ્યાવસાયિકો અને સામાન્ય લોકોને આ સુવિધાઓનો લાભ લેવા અપીલ કરી છે. આ કાર્યક્રમ નોંધાયેલ અને નોંધાયેલ ન હોય તેવા કરદાતાઓ બંને માટે ખુલ્લો છે.

## વાપી શાક માર્કેટમાં દુર્ગા પૂજા ઉત્સવ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૩ :** વાપી ટાઉનની શાકભાજી માર્કેટમાં વેપારી મંડળ દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી સાર્વજનિક દુર્ગા પૂજાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ માતાજીની ૯ દિવસ સુધી આરાધના બાદ ઉલ્લાસ ભેર વિસર્જન યાત્રા કાઢી વિસર્જન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ નવ દિવસ સુધી પંડાલમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ રહ્યો. મહિષાસુર મર્દિનીના સ્વરૂપમાં મા દુર્ગાની ભવ્ય પ્રતિમા શ્રદ્ધાળુઓના આકર્ષણનું કેન્દ્ર બની હતી. સવાર-સાંજ આરતી અને દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. પ્રતિમાને આકર્ષક સ્વરૂપ આપવા બંગાળથી મૂર્તિકારને બોલાવાયા હતા. આ પ્રંસગે ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ મુકેશ તિવારીએ જણાવ્યું કે, શારદીય નવરાત્રીમાં ગુજરાતમાં ગરબાની ધૂમ હોય છે તો ઉત્તર ભારતીય વિસ્તારોમાં દુર્ગા પૂજા પણ ઉત્સાહથી ઉજવાય છે. આ આસ્થા, સંસ્કૃતિ અને સામાજિક એકતાનું પ્રતિક છે.

કરણી સેના ભારતના ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ દીપક સિંહે કહ્યું કે મા દુર્ગાના નવ સ્વરૂપ નારી શક્તિ, સાહસ અને ત્યાગનો સંદેશ આપે છે. અંતિમ દિવસે વાપી શાકભાજી માર્કેટમાં દર વર્ષની જેમ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો ભકતોએ,વેપારીઓ લાભ લીધો હતો.

## નારગોલ બારીયા સમાજ મંડળ દ્વારા શારદીય નવરાત્રી ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા. ૨૩ :** બારીયા સમાજ મંડળ, નારગોલ દ્વારા નવરાત્રી મહોત્સવના ૫૭ મા વર્ષની ભવ્ય ઉજવણી પરંપરાગત, સંસ્કાર, સેવા અને સામાજિક એકતાના સુંદર સમન્વય સાથે કરવામાં આવી હતી. આ પાવન અવસરે સમાજની શિક્ષણ સમિતિ દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન તથા સમાજના સેવાભાવી દાતાઓનું વિશેષ સન્માન યોજીને સમાજની એક ઉમદા પહેલને સાકાર કરવામાં આવી હતી.

સાતમના પાવન અવસરે 'શૈક્ષણિક તારલાઓનું સન્માન' કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને તિલક કરી સ્ટેજ પર આદરપૂર્વક બેસાડી તેમનું ગૌરવ પૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આમંત્રણ ને માન આપી પધારેલા મુખ્ય મહેમાન સુનીતીબેન કારુલકર તથા અતિથિ વિશેષ શિક્ષકમહેશભાઈ પટેલ ના પ્રસંગોપાત ઉદબોધન દ્વારા પથદર્શન કરવામાં આવ્યું હતું.

સ્વ.ગૌરીબેન માધુભાઈ બારીઆની પવિત્ર સ્મૃતિને ચિરંજીવ રાખવાના હેતુથી તેમના પરિવારજનો, ખંડુભાઈ માધુભાઈ બારીઆ તથા તેમના સમસ્ત પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને મેડલ અને સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાજના દાતાઓના સન્માનનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. સમાજના દાતાઓનું સન્માન કરવા સમાજના ('રિયલ હીરો') જેઓ અનુભવો અને સંસ્કારોની મૂડી ધરાવતા વડીલો, માનવ સેવાને વરેલા ડોક્ટરો, અન્નદાતા ખેડૂતો તથા પોતાના પરિવારને સંભાળવા અને જીવનના પડકારો સામે અડીખમ રહી સંઘર્ષ દ્વારા પરિવારને ઉન્નતિના પંથે લઈ જનાર નારીશક્તિનું ઉત્તમ ઉદાહરણ રૂપે ગં.સ્વ. બહેનોના વરદ હસ્તે સમાજના દાતાઓને શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે દાનની મહત્તા સાથે સંવેદના, સંઘર્ષ, સંસ્કાર અને માનવતાના મૂલ્યોને પણ ગૌરવપૂર્ણ અભિવ્યક્તિ મળી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને જવાબદારી ધર્મેશભાઈ તથા ચિરાગભાઈ બારીયાએ શિક્ષણ સમિતિના પ્રમુખ જયેશભાઈ ગજાનંદભાઈ બારીઆના માર્ગદર્શન અને સમાજના પ્રમુખ કિરણભાઈ રમણલાલ બારીઆ અને સાંસ્કૃતિ સમિતિના પ્રમુખ રિતેશભાઈ રમણભાઈ બારીઆના આયોજન અને માર્ગદર્શન હેઠળ નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમ ગૌરવપૂર્ણ, પ્રેરણાદાયી અને યાદગાર બન્યો હતો.

## વલસાડ એસટી શરદપૂનમે નારેશ્વર અને ડાકોર માટે સ્પેશિયલ બસ દોડાવશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ખેરગામ, તા. ૨૩ : ગુજરાત એસ.ટી.ના વલસાડ વિભાગ દ્વારા દર મહીને નારેશ્વર અને ડાકોરની પૂનમ વિશેષ બસ દોડાવવામાં આવે છે જે ખુબ જ લોકપ્રિય બની છે.શરદ પૂનમે વલસાડ-નારેશ્વર બસ તા.૨૫/૧૦-રવિવારે અને ધરમપુર ડાકોર બસ ૨૫/૧૦ ના રોજ રાત્રે ૯ કલાકે ઉપડશે. વલસાડ-સુરત-નારેશ્વર બસ રવિવારે સવારે ૫/૨૦ કલાકે વલસાડથી ઉપડી ચીખલી- ૫/૪૫ -એંધલ -ખારેલ- નવસારી- ૬/૨૫ -સચિન-ઉધના ડેપો- સુરત સેન્ટ્રલ બસ ડેપો સવારે ૭/૨૫ - કામરેજ ચોકડી-કીમ ચોકડી - અંકલેશ્વર જીઆઈડીસી- ૮/૫૦ -ભોલાવ ભરૂચ- ૯/૧૦ ઉપડી ત્યાંથી પાલેજ થઈ નારેશ્વર સવારે ૧૦/૨૦ કલાકે પહોંચાડશે અને આ જ બસ બે કલાકના રોકાણ બાદ બપોરે ૧૨/૩૦ કલાકે પરત વલસાડ આવવા ઉપડશે. જયારે ડાકોર રણછોડરાયમંદિરમાં પૂનમની ૨૬/૧૦ ના રોજ ઉજવણી કરવાના હોય ધરમપુર-ડાકોર બસ તા.૨૫/૧૦ ની રાત્રે ૯ કલાકે ધરમપુરથી ઉપડી,વલસાડ-ચીખલી-એંધલ-ખારેલ-નવસારી-.સુરત-જીઆઈડીસી.અંકલેશ્વર ભરૂચ ભોલાવ-વડોદરા-વાસદ-ઉમરેઠ થઈ શરદપૂનમની મળસ્કે ૫ કલાકે ડાકોર પહોંચાડશે અને ડાકોરથી બપોરે બે વાગે પરત ધરમપુર આવવા ઉપડશે.આ બંને બસોમાં ઓનલાઈન આવવા જવા માટે બુકિંગ ઉપલબ્ધ છે. વલસાડ નારેશ્વર માટે (રુ.૨૧૧ ભાડુ ૫-બુકિગ=રૂ.૨૧૬/- એક તરફી ) બુકિંગ કરાવી આપની ધર્મયાત્રા સુનિશ્ચિત કરો. ધરમપુરથી રોજ સાંજે ચાર વાગે વીરપુર-જલારામ (વાયા-વલસાડ નવસારી)માટે સ્લીપર કૉચ ઉપડે છે, જેમાં બેઠકના- બેસીને જવાનો દર રૂપિયા ૪૬૭/- જ્યારે સુતા સુતા- સોફાનો ભાવ રૂ. ૫૬૭/-છે, જેનું પણ એડવાન્સ બુકિંગ બધે થાય છે.

## દાદરામાં મુખ્ય માર્ગ પર સ્ટ્રીટલાઈટનો અભાવ





### સ્ટ્રીટલાઈટો માટે થાંભલાઓ છે પણ લાઈટ નથી, અંધારામાં વાહનચાલકો અને રાહદારીઓની સલામતી અંગે સવાલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા. ૨૩ :** સાંજ પડતાં જ દાદરા ગામમાંથી પસાર થતી મુખ્ય સડક અંધારામાં ગરકાવ થઈ જાય છે. સડક પર સ્ટ્રીટલાઈટની વ્યવસ્થા ન હોવાથી વાહનચાલકો અને રાહદારીઓની સલામતી અંગે ચિંતા ઊભી થઈ છે. આશ્ચર્યની વાત એ છે કે સડકની બાજુમાં થાંભલો તો ઊભો છે, પરંતુ તેના પર લાઈટ જ લગાવવામાં આવી નથી. ત્યારે સવાલ એ થાય છે કે થાંભલો હોવા છતાં સડકને પ્રકાશિત કરવાની વ્યવસ્થા કેમ કરવામાં આવી નથી.

ગુજરાતથી ઘેરાયેલા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના દાદરા ગામની મુખ્ય સડક પર પ્રકાશનો અભાવ પાયાની નાગરિક સુવિધાઓ અંગે સવાલો ઊભા કરે છે. રાત્રિના સમયે પૂરતો પ્રકાશ ન હોવાથી વાહનચાલકોને સડકની કિનારી, રાહદારીઓ અને સામેથી આવતા વાહનોને ઓળખવામાં મુશ્કેલી પડી શકે છે.

આ સડક નજીક કથિત રીતે અનધિકૃત રીતે દારૂ પીરસતા ઢાબા અંગે ગામના સરપંચે અગાઉ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને મુદ્દો ઉઠાવ્યો હતો. આ બાબતે સડકની આસપાસની પ્રવૃત્તિઓ અને સંબંધિત અધિકારીઓની ભૂમિકા અંગે પણ સવાલો ઊભા થયા હતા.

જોકે, ઢાબાની હાલની સ્થિતિ અને આ મામલે વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે. એક તરફ મુખ્ય સડક પર સ્ટ્રીટલાઈટનો અભાવ છે, તો બીજી તરફ લાઈટ વગરનો ઊભેલો થાંભલો તંત્રની કામગીરી અંગે સવાલો ઊભા કરે છે. સંબંધિત વિભાગે સ્પષ્ટતા કરવી જોઈએ કે આ માર્ગ પર સ્ટ્રીટલાઈટ લગાવવાની કોઈ યોજના છે કે નહીં અને જો યોજના હોય તો તેનો અમલ ક્યારે કરવામાં આવશે.

રાત્રિના સમયે વાહનચાલકો અને રાહદારીઓની સલામતી માટે મુખ્ય સડક પર પૂરતા પ્રકાશની વ્યવસ્થા જરૂરી છે. સંબંધિત વહીવટી તંત્રએ સ્થળનું નિરીક્ષણ કરીને જરૂરી પગલાં ભરવા જોઈએ, જેથી રાત્રિના સમયે અવરજવર વધુ સુરક્ષિત બની શકે.

## વાપીમાં અનાવિલ સમાજનું સ્નેહમિલન મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૩ :** વાપીમાં અનાવિલ યુવા સંગઠન દ્વારા આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ શનિવારે અનાવિલ સ્નેહમિલન સમારંભ અને રાસ ગરબા-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. નામધા રોડ, વાપી ખાતે આવેલા બનાવેલ સમાજ હોલમાં સાંજે ૬:૩૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યના નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ અંતર્ગત સાંજે ૭ વાગ્યે ભોજન સમારંભ અને રાત્રે ૮ વાગ્યાથી રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુંબઈથી લઈને વલસાડ અને સંઘ પ્રદેશ દમણથી દાદરા નગર હવેલી સુધીમાં વસતા અનાવિલ સમાજના લોકો ઉપસ્થિત રહેશે .દર વર્ષે અનાવિલ યુવા સંગઠન દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તેનો મુખ્ય હેતુ માત્ર અનાવિલ સમાજની ધીકતી સાંસ્કૃતિક ધરોહરને ઉજાગર કરવા, જાળવી રાખવા તથા પ્રતિભાની ખીલવણી, ભાઈચારા, સંગઠન જેવા ગુણોને વિકસીત કરવા અને પરિચય કેળવવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન અનાવિલ યુવા સંગઠન પરિવાર દ્વારા કરવામાં આવે છે.

## કોચરવાના શ્રી મહાફલેશ્વર મંદિરે કન્યા ભોજન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૩ :** નવરાત્રીના પર્વના નવમા દિવસે વાપી જીઆઈડીસી થર્ડ ફેઝ ના કોચરવા -વડિયાવાડ ખાતે આવેલા શ્રી મહાફલેશ્વર મહાદેવ મંદિરે શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાપ્રથમ દુર્ગા માતાજીની વિધિવત આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ નવ કન્યાઓનું પૂજન કરી તેમને ભાવપૂર્વક ભોજન કરાવવામાં આવ્યું હતું. હરિ ઓમ મિત્ર મંડળના પ્રમુખ તથા શ્રી મહાફલેશ્વર મંદિરના ટ્રસ્ટી ધીરુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કન્યાઓને ભોજન કરાવી ભેટ અર્પણ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે ધીરુભાઈ પટેલ દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી નવરાત્રીના પાવન અવસરે કન્યા ભોજનની ધાર્મિક પરંપરા અવિરત જાળવી રાખવામાં આવી છે. કન્યા ભોજનના કાર્યક્રમ બાદ મંદિર પરિસરમાં મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૩૦૦ શ્રદ્ધાળુઓએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

## ચલાની પી.એમ.શ્રી મુખ્ય શાળાના વિદ્યાર્થીઓ ખોખો સ્પર્ધામાં ઝળકયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૩ :** ખેલ મહાકુંભ અંતર્ગત તારીખ ૧૯/૧૦/૨૦૨૬ના રોજ યોજાયેલી વાપી મહાનગરપાલિકા કક્ષાની ખો-ખો સ્પર્ધામાં પી.એમ. શ્રી ચલા મુખ્ય શાળાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

જેમાં U-૧૭ બોયઝ ટીમે શાનદાર રમતકૌશલ્ય દર્શાવી ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો અને ટીમના ૬ ખેલાડીઓની રાજ્યકક્ષા માટે પસંદગી થઈ હતી.

જ્યારે U-૧૪ ગર્લ્સ ટીમ તથા U-૧૭ ગર્લ્સ ટીમે ઉપવિજેતા બનીને પ્રશંસનીય સિદ્ધિ મેળવી હતી. બંને ગર્લ્સ ટીમમાંથી ૪-૪ ખેલાડીઓની રાજ્યકક્ષા માટે પસંદગી થતાં શાળામાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ ગઈ હતી.આ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમજ ખેલાડીઓના ઉત્સાહ અને સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે શાળા દ્વારા હેલ્થી ફ્રૂટ્સ ડિશ આપવામાં આવી હતી.

શાળા પરિવાર દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી કે ખેલાડીઓ રાજ્યકક્ષાએ પણ પોતાની રમતનું શ્રેષ્ઠ કૌશલ્ય દર્શાવીને શાળા તથા વિસ્તારનું નામ રોશન કરશે.


**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે નીચેની વેબસાઈટની મુલાકાત લો**
**www.damangangatimes.com**


## વાપીના સ્વદેશી મેળામાં ૭૭ સ્ટોલ અને ૧૨ ફૂડ સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બનશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગરપાલિકા અને ગુજરાત આજીવિકા મિશનના સંયુક્ત ઉપક્રમે વાપીના અજીતનગર, ચલા ખાતે આગામી તા. ૨૮ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ૧૦ દિવસીય 'સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧થી રાત્રે ૧૧ વાગ્યા સુધી યોજાનારા આ મેળાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

નાણામંત્રી અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાનારા આ મેળામાં કુલ ૭૭ સ્ટોલ અને ૧૨ ફૂડ સ્ટોલ ઊભા કરવામાં આવશે. સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને નાના વ્યવસાયકારોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે પ્લેટફોર્મ પૂરું પાડવા સાથે નાના બાળકો માટે રાઈડ્સ, દેશી રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મેળાનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા, સ્વરોજગારીની તકો વધારવા અને 'વોકલ ફોર લોકલ'ની ભાવનાને સાકાર કરવાનો છે. વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર એન. એફ. ચૌધરી (IAS)એ નગરજનોને મોટી સંખ્યામાં મેળાની મુલાકાત લઈ સ્થાનિક કારીગરો અને વ્યવસાયકારોને પ્રોત્સાહન આપવા અપીલ કરી છે.

## અબ્રામા કોમન પ્લોટ વિવાદમાં લેન્ડ ગ્રેબિંગ હેઠળની અરજી અગ્રાહ્ય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૨૩ :** વલસાડના અબ્રામા માં આવેલી જમીનના કોમન પ્લોટ અને કબ્જા બાબતે થયેલી લેન્ડ ગ્રેબિંગની ફરિયાદમાં તપાસ બાદ વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. અબ્રામાના સીટી સર્વે નં. ૬૮૧ વાળી જમીન સંદર્ભે 'ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦' હેઠળ કરાયેલી અરજી સમિતિ દ્વારા લેવાપાત્ર જણાતી નથી તેવો નિર્ણય લેવાયો છે. વલસાડ શહેરના અબ્રામામાં લીલા પાર્ક, એસ.ટી. વર્કશોપ સામે રહેતા હેતા દર્શન અરવિંદ શુક્લા દ્વારા અબ્રામાની સીટી સર્વે નં. ૬૮૧ વાળી જમીનના કોમન પ્લોટ બાબતે લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ ઓનલાઈન અરજી કરવામાં આવી હતી. સીટી સર્વે નં. ૬૮૧ વાળી મિલકત સામાવાળા અશોકભાઈ ઠાકોરભાઈ દેસાઈ તથા શૈલેષ ઠાકોરભાઈ દેસાઈની ભાગીદારી પેઢી મે. આર. સમીર એન્ડ એસોસીએટ્સ)ની હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા મંજૂર થયેલા પ્લાનમાં ૧ થી ૧૫ પ્લોટો તથા એક કોમન પ્લોટ દર્શાવવામાં આવ્યો હતો. મંજૂર પ્લાન મુજબ કોમન પ્લોટનો કબ્જો સોસાયટીને સોંપાયો નથી અને પ્રોપર્ટી કાર્ડમાં નામ સામાવાળા તેમજ અરજદારઓના નામે ચાલે છે. આ મકાનોમાં મૂળ માલિક દિવા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના જૂના કર્મચારીઓ છેલ્લા ૬૦ વર્ષથી રહેઠાણ બનાવી ગુજરાન ચલાવે છે. સામાવાળા અશોકભાઈ દેસાઈ અને શૈલેષભાઈ દેસાઈએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે, આ મિલકત મૂળ દિવા પ્રાઈવેટ લિમિટેડ (ઈન લિક્વિડેશન)ની હતી અને હાઈકોર્ટના હુકમ મુજબ લિલામીમાં વેચાણ દસ્તાવેજથી તેઓને પ્રાપ્ત થયેલી છે. કંપનીના કર્મચારીઓ અગાઉથી ત્યાં રહેતા હોવાથી શરત મુજબ તેઓ વસવાટ કરી રહ્યા છે. કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, વલસાડની લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠકમાં થયેલી ચર્ચા મુજબ કોમન પ્લોટ સોસાયટીને ન સોંપી શરતભંગ થયો હોવાથી, તે અંગે નિયમાનુસાર શરતભંગની અલગથી કાર્યવાહી કરવાની રહે છે. કર્મચારીઓનો આશરે ૬૦ વર્ષ જૂનો કબ્જો હોવાથી અને મામલો દિવાની પ્રકારનો જણાતો હોવાથી, અરજદારે સિવિલ કોર્ટની રાહે દાદ મેળવવાની થાય છે. આ કારણોસર લેન્ડ ગ્રેબિંગ અધિનિયમ હેઠળ થયેલી આ અરજી સમિતિ દ્વારા લેવાપાત્ર ગણાઈ નથી.

## નારગોલ સિનિયર સિટીઝન ક્લબનું વાર્ષિક સ્નેહમિલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા. ૨૩ :** નારગોલ માં સને ૨૦૧૪ માં વર્તમાન સરપંચ જયેશભાઈ બારીયા દ્વારા શ્રી સ્વામી નારાયણ મંદિરમાં નારગોલ સિનિયર સિટીઝનની સ્થાપના કરવામાં આવી હતી. પ્રથમ પ્રમુખ તરીકે સ્વ.ગોપાલભાઈ ચપલાની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. તેમના અવસાન બાદ મનુભાઈ લક્ષ્મણભાઈ બારીઆ અને હાલે આનંદજીભાઈ ટંડેલ ને પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી.આજરોજ ક્લબ ના ૧૩ વર્ષ પૂર્ણ કર્યા હતા.હાલે ભાઈઓ બહેનો મળી ૨૦૦ જેટલા મેમ્બરો છે.

સ્નેહમિલન કાર્યક્રમ સર્વ પ્રથમ વિઘ્નહર્તા શ્રી ગણેશની આરાધના બાદ અવસાન પામેલાંઓ માટે બે મિનિટનું મોન ધારણ કર્યુ હતું.ત્યારબાદ ક્લબ ના ખજાનચી દ્વારા આખા વર્ષ દરમિયાન થયેલા આવક જાવક વાંચી સંભળાવ્યો હતો. ક્લબના સંસ્થાપક માજી સરપંચ જયેશ ભાઈ બારિયા એ જણાવ્યું કે જેટલો મંદિરમાં જઈને મનને શાંતિ પ્રાપ્ત થાય એટલીજ શાંતિ આ ક્લબ વડીલોને મળીને શાંતિ પ્રાપ્ત થાય છે. મુખ્ય મહેમાન તરીકે નારગોલ માછી સમાજના અગ્રણી ઉદ્યોગપતિ વિશ્વજીત ભાઈ ટંડેલ તેમજ જિલ્લા ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ મનીષાબેન પ્રિતમનાની રહ્યા હતા.

પ્રમુખ આનંદજીભાઈ ટંડેલે આખા વર્ષ દરમિયાન થયેલા કામોનો અહેવાલ રજૂ કર્યો હતો. ઉપ પ્રમુખ કાંતિ ભાઈ કોટવાલ અશોક ભાઈ પ્રિતમનાની, રમેશભાઈ (બચુ ભાઈ) બારીઆ, કિશોર ભાઈ ભંડારી તેમજ સેક્રેટરી તરીકે કૃષ્ણકાંત ભાઈ ભંડારીએ પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા. ટૂંક સમયમાં આ ક્લબ એક પુસ્તક બહાર પાડવાની તજવીજ હાથ ધરી રહ્યા છે.

# મા રાજ્ઞા ભગવતી સ્થાન - મંઝગામ, કુલગામ


















**વનરાજીની વચ્ચે આવેલું મા રાજ્ઞા ભગવતીને સમર્પિત એક પવિત્ર ધામ**

કુલગામ જિલ્લાના મંઝગામના વનાચ્છાદિત વિસ્તારમાં મા રાજ્ઞા ભગવતીનું ઐતિહાસિક સ્થાન આવેલું છે. કાશ્મીરી પંડિતોની માતા રાજ્ઞા ભગવતી મુખ્ય કુળદેવી છે .પંડિતો દર અષ્ટમીના રોજ માની ખાસ પૂજા, ઉપવાસ, હવન ચોક્કસ કરે છે. આ પવિત્ર સ્થળ મહારાગ્ન્યા/રાજ્ઞા દેવીની ઉપાસના સાથે સંકળાયેલું છે, જેમને ખીર ભવાની તરીકે પણ શ્રદ્ધાપૂર્વક પૂજવામાં આવે છે.

ગાંદરબલ જિલ્લાના તુલમુલ્લામાં આવેલું મંદિર ખીર ભવાનીની ઉપાસનાનું સૌથી પ્રસિદ્ધ ધામ છે, પરંતુ કાશ્મીરી પંડિતોની ધાર્મિક પરંપરાઓ અને મૌખિક ઈતિહાસમાં મંઝગામનું પણ વિશિષ્ટ સ્થાન છે.

દર વર્ષે જયેષ્ઠ અષ્ટમીના પવિત્ર દિવસે, જેને સ્થાનિક ભાષામાં ઝ્યેઠ અથમ કહેવામાં આવે છે, ભક્તો અહીં એકત્રિત થઈ પ્રાર્થના કરે છે અને જગદંબાના આશીર્વાદ પ્રાપ્ત કરે છે. કાશ્મીરથી દૂર રહેતા અનેક કાશ્મીરી પંડિતો માટે આવા પ્રસંગો માત્ર ધાર્મિક ઉત્સવો નથી. તે પોતાની પૂર્વજોની ભૂમિ, શ્રદ્ધા, સ્મૃતિઓ અને પરંપરાઓ સાથે જોડાયેલા રહેવાનો એક માર્ગ છે.

**મા રાજ્ઞા ભગવતીની યાત્રા**

સ્થાનિક પરંપરા અનુસાર, એવું માનવામાં આવે છે કે લંકાથી કાશ્મીર તરફની યાત્રા દરમિયાન મા રાજ્ઞા ભગવતીએ સૌપ્રથમ જે સ્થળોએ વિશ્રામ કર્યો હતો, તેમાં મંઝગામનો પણ સમાવેશ થાય છે. માન્યતા મુજબ, હનુમાનજીએ દેવીને પવિત્ર જળથી ભરેલા કળશના સ્વરૂપમાં ધારણ કરીને લાવ્યા હતા. દેવીની સાથે તેઓ ચંદનનું એક વૃક્ષ પણ લાવ્યા હતા, જેને વર્તમાન મંદિરથી આશરે એક કિલોમીટર દૂર આવેલા જંગલમાં રોપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ પરંપરા સતીસરની પ્રાચીન કથા સાથે જોડાયેલી છે. કાશ્મીરની પવિત્ર ધાર્મિક પરંપરાઓ અનુસાર, પ્રાચીન સમયમાં સતીસર નામનું એક વિશાળ સરોવર સમગ્ર કાશ્મીર ખીણને આવરી લેતું હતું.

સ્થાનિક માન્યતા મુજબ, મંઝગામનો આ ઊંચાણવાળો વિસ્તાર સતીસરના જળથી ઉપર રહ્યો હતો. સતીસરનું પાણી બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી મા રાજ્ઞા ભગવતી અહીં રોકાયાં હતાં. એવું માનવામાં આવે છે. ત્યારબાદ, પરંપરા અનુસાર, દેવીએ પોતાની યાત્રા આગળ વધારી હતી. આ યાત્રા દરમિયાન તેમણે અનંતનાગના નાગબલ, લોગ્રીપોરા, બડગામના રૈથન અને ટિક્કર સહિતનાં અનેક પવિત્ર સ્થળોની મુલાકાત લીધી હતી. અંતે તેઓ ગાંદરબલ જિલ્લાના તુલમુલ્લા પહોંચ્યાં હતાં. સમય જતાં તુલમુલ્લા તેમની ઉપાસનાનું સૌથી પ્રખ્યાત અને મુખ્ય ધામ બન્યું.

આ તમામ વર્ણનો મા રાજ્ઞા ભગવતી સાથે જોડાયેલી ધાર્મિક માન્યતાઓ, પરંપરાઓ અને મૌખિક લોકઈતિહાસનો ભાગ છે. તેથી તેમને આ જ સંદર્ભમાં સમજવા જોઈએ.

**બે પરંપરાઓનો સહિયારો પવિત્ર પરિસર**

મંઝગામના સ્થાનિક ઈતિહાસમાં એક બીજું પણ નોંધપાત્ર પ્રકરણ જોવા મળે છે.

રાજ્ઞા ભગવતી સ્થાનની નજીક જ એક એવું પવિત્ર સ્થળ આવેલું છે, જે હઝરત બાબા કયામુદ્દીન (રહે.) સાથે સંકળાયેલું છે. તેઓ એક આદરણીય સૂફી સંત હતા. સ્થાનિક લોકોના વર્ણન અનુસાર, બાબા કયામુદ્દીનજી માતાના પવિત્ર સ્થાનની નજીક ધ્યાન ધરતા હતા. વડીલોની સ્મૃતિઓમાં તેઓ અત્યંત આધ્યાત્મિક, સાદગીપૂર્ણ અને સાદું જીવન જીવતા સંત તરીકે યાદ કરવામાં આવે છે. તેમના ખાનપાન અને દૈનિક જીવનની રીતભાત વિશે



**ચશ્મે બદૂર કશ્મીર**

**ડો. રાધિકા ટીક્કુ, વલસાડ**

પણ કેટલીક રસપ્રદ લોકવાયકાઓ પ્રચલિત છે. કહેવાય છે કે તેઓ કડક શાકાહારી હતા અને લીલાં શાકભાજી ખાવાનું ટાળતા હતા, કારણ કે તેઓ તેને જીવંત માનતા હતા. આ પરંપરા અનુસાર, તેઓ પીળાં અથવા સૂકાં શાકભાજી ખાવાનું પસંદ કરતા હતા.

સ્થાનિક લોકોની બીજી એક માન્યતા મુજબ, તેઓ ક્યારેક પોતાની હથેળી પર રાખની થોડીક ચપટી મૂકીને તેનું સેવન કરતા હતા. આ ક્રિયા તેમની સાદગીપૂર્ણ અને તપસ્વી આધ્યાત્મિક જીવનશૈલીનો એક ભાગ હોવાનું કહેવાય છે.

એક પ્રાચીન એલ્મનું વૃક્ષ પણ આ સ્થળ સાથે જોડાયેલું છે. માનવામાં આવે છે કે બાબા કયામુદ્દીનજી જ્યાં રહેતા અને ધ્યાન ધરતા હતા, તે સ્થળની સાથે આ વૃક્ષનો સંબંધ છે.

આ વર્ણનોની દરેક વિગતોને ઐતિહાસિક રીતે પ્રમાણિત કરવી શક્ય છે કે નહીં, તે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં, આ પરંપરાઓ મંઝગામની મૌખિક સ્મૃતિ અને સ્થાનિક સાંસ્કૃતિક વારસાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. તે લુપ્ત થઈ જાય તે પહેલાં તેનું દસ્તાવેજીકરણ કરવું જરૂરી છે.

**શિવમંદિર અને પ્રાચીન પથ્થરની પ્રણાલી**

મંઝગામના ઈતિહાસનું બીજું એક રસપ્રદ પ્રકરણ પ્રાચીન પથ્થરની પ્રણાલી સાથે સંકળાયેલું છે. પ્રણાલી એટલે શિવલિંગ પર અભિષેક કરવામાં આવતા જળને બહાર કાઢવા માટે બનાવવામાં આવતો પથ્થરનો નિકાસમાર્ગ. સ્થાનિક વર્ણનો અનુસાર, બાબા કયામુદ્દીનજી સાથે સંકળાયેલા સ્થળની નજીક નવી મસ્જિદના બાંધકામ માટે ખોદકામ કરવામાં આવતું હતું, ત્યારે આ -ાચીન પથ્થરની પ્રણાલી મળી આવી હતી. સ્થાનિક લોકો દ્વારા તે સ્થળે શિવલિંગ શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ શિવલિંગ મળી આવ્યું નહોતું એવું કહેવાય છે. આ પ્રણાલીની વિશેષતા એ હતી કે તેની કિનારીઓ પર પ્રાચીન લખાણો અથવા નિશાનીઓ અંકિત હતાં. દુર્ભાગ્યે, સમય પસાર થતાં આ નિશાનીઓ ઝાંખી પડી ગઈ છે અને હવે તેમને વાંચવા મુશ્કેલ બન્યું છે. વર્ષ ૨૦૦૯માં આ પ્રાચીન પથ્થરની પ્રણાલીને મંદિરના પરિસરમાં લાવવામાં આવી હતી. ત્યારબાદ તેમાં એક નવું શિવલિંગ સ્થાપિત કરવામાં આવ્યું હતું. આ પ્રણાલીની ચોક્કસ ઉંમર, તેનું મૂળ સ્થાન અને તેના પર અંકિત નિશાનીઓનો અર્થ જાણવા માટે નિષ્ણાતો દ્વારા યોગ્ય ,વધુ તપાસ જરૂરી છે. તેથી આ ઐતિહાસિક અવશેષનું સાવચેતીપૂર્વક દસ્તાવેજીકરણ, સંરક્ષણ અને પુરાતત્ત્વીય અભ્યાસ થવો જોઈએ. કાશ્મીરની સહિયારી વિરાસતનું જીવંત ઉદાહરણ

મંઝગામનું સૌથી નોંધપાત્ર પાસું કદાચ એ છે કે અહીં આ બંને પરંપરાઓ એક જ વિસ્તારમાં સાથે અસ્તિત્વ ધરાવે છે.

એક જ પવિત્ર પરિસરમાં મા રાજ્ઞા ભગવતીનું સ્થાન અને હઝરત બાબા કયામુદ્દીન (રહે.) સાથે સંકળાયેલું સ્થળ આવેલાં છે. બે અલગ-અલગ ધાર્મિક પરંપરાઓ, જેમાંથી પ્રત્યેકનો પોતાનો ઈતિહાસ, શ્રદ્ધા અને સ્મૃતિઓનો વારસો છે, તે એક જ સ્થળ સાથે જોડાયેલી રહી છે. આવા સ્થળોનું કાળજીપૂર્વક દસ્તાવેજીકરણ કરવું, તેમનું સન્માનપૂર્વક સંરક્ષણ કરવું અને તેમની વિરાસત આવનારી પેઢીઓ સુધી પહોંચાડવી અત્યંત જરૂરી છે. કાશ્મીરી પંડિતોનો અમૂલ્ય વારસો માત્ર ભવ્ય સ્મારકોમાં જ વસતો નથી. તે જંગલોમાં, ઝરણાંઓમાં, પ્રાચીન વૃક્ષોમાં, પથ્થરોમાં, મંદિરો અને પવિત્ર સ્થાનોમાં તથા સૌથી મહત્ત્વપૂર્ણ રીતે વડીલોની સ્મૃતિઓમાં જીવંત રહે છે.

આ પવિત્ર સ્થળ સાથે સંકળાયેલી પરંપરાઓ અને ઈતિહાસને સમજવામાં પંડિતો અમૂલ્ય જ્ઞાન, સ્મૃતિઓ અને સમય ખર્ચીને સાચવી રહ્યાં છે. મા રાજ્ઞા ભગવતી સ્થાન, મંઝગામ, ચંદનનું વૃક્ષ, બાબા કયામુદ્દીનજી, પ્રાચીન પ્રણાલી અને આ સ્થળની જૂની પરંપરાઓ વિશે વધુ જાણકારી ધરાવતા વડીલો, સ્થાનિક રહેવાસીઓ અને સંશોધકો એકજુટ થઈને તેઓ પોતાની સ્મૃતિઓ, જૂના ફોટોગ્રાફ્સ, દસ્તાવેજો અને સુધારાઓ અને લખાણોનું દસ્તાવેજીકરણ કરી રહ્યાં છે. પંડિતોની મૌખિક વિરાસત સમયની સાથે ધીમે ધીમે લુપ્ત થઈ રહી છે. તે સંપૂર્ણપણે ભૂંસાઈ જાય તે પહેલાં તેને પંડિત સમુદાય નોંધીને, જાળવીને અને આવનારી પેઢીઓ માટે સાચવી રાખવા કટિબદ્ધ છે.

# ચકાચુર ચંદ્રમા ને ઓળઘોળ ઘારી...!



**હાસ્ય લહરી**

**રમેશ ચાંપાનેરી (રસમંજન)**
હાસ્ય કલાકાર
94268 88880

શરદ પુનમના ચાંદની રે ભાત ખીલી ભીતરમાં
રાત નશીલી રઢિયાળી ફોરમ ખીલી જીવતરમાં

ચંદી પડવો આવે એટલે ઠેર ઠેર ઘારીપ્રદર્શન થાય. ઘારી તો ઘણાએ ખાધી હશે, પણ 'ઘારો' માત્ર ચમનીયાએ જ ખાધેલો. થયેલું એવું કે, ટીવીમાં આવતા રસોઈ-શો જોઇને ચંચીને થયું કે, લાવ આજે હું Hand make ઘારી બનાવું. દાનત ખોરી નહિ, પણ ઘારી બનાવવાને બદલે ઘારો બની ગયો. કોઈ પણ તબીબી સહાય વગર ઘારીનું જાતીય પરિવર્તન કરી નાંખેલું. આવો 'ઘારો' પાડોશીને તો પીરસાઈ નહિ. પીરસવા જાય તો પુછામણ થાય, એટલે 'હાજર સો હથિયાર' ઘરનો મામલો ઘરમાં જ પતાવેલો. સબકા માલિક એક' જેવા ચમનીયા સિવાય કોણ બીજો હાથમાં આવે ને એના કપાળમાં કાંદા ફોડું. એ ઘારાનો મહા-આહાર એકલા ચમનીયાએ કરવો પડેલો. આપણા શાસ્ત્રમાં પતિને પરમેશ્વર ગણવામાં આવે છે. એટલે પરમેશ્વરે પણ જે આવે તે ખર્પે નો સ્વીકાર કરવો જ પડે. બોલવા જાય તો બે થાય..! આવડતમાં અલ્લાયો હોય, ને ઉમંગ વધારે હોય ત્યારે આવા ડખા થાય..!

બાકી ઘારી એટલે ઘારી ઘારી બોસ..! મરવા પડેલો માણસ પણ ચંદી પડવાની ઘારી ખાય ને જ ઉકલી જવાની ઈચ્છા રાખે..! પણ ઘારીની મઝા લેવી હોય તો, એક વર્ષની 'ઘારી-તપસ્યા' કરવી પડે. એક ચંદી-પડવાથી બીજા ચંદી પડવા સુધી જીવવું પડે. ઘારી ક્યારેય ઘરડી થતી નથી. સ્વાદ જ એવો કે, ઘારી બને એટલે એનો સ્થળ ઉપર નિકાલ થઇ જાય. રૂપસુંદરીને જોઇને જેમ ડોળા ફરવા માંડે, એમ ઘી અને ડ્રાય-ફ્રુટમાં લથબથ ઘારીને જુએ એટલે, ખાવાનું સુર ચઢે. સુગરના દર્દીને પણ ઉજમ આવે કે, ઘારી ખાધા વગર તો દુનિયા છોડવી જ નથી. મોહ માયાનું સામ્રાજ્ય જ એવું કે જીવને પણ બાધક બને. ઘારી ઐસી ચીજ હૈ દાદૂ..! વિશ્વામિત્ર જેવા ઋષિ પણ મોહ અને માયાથી બચી ના શકેલા તો, પામર માનવીનું ગજું શું ..? ઘારીનું પણ એવું જ..! શરીરમાં સુગરની ફેક્ટરી ભલે હોય, પણ ઘારી જુએ એટલે ડોક્ટરની સલાહને પણ ઐસીકી તૈસી કરી નાંખે. ઘારી એટલે માયાવી રાક્ષસણ..! લલચાવીને મારે..! ઘારીનું નામ પડતાં મોંઢામાં એવા ફુવારા છૂટે કે, મોંઢાની બખોલમાં 'હેન્ડપંપ' મુકવાની જરૂર જ નહિ પડે...! જીભ જેવી જીભ પણ મીઠી ફોઈ થઇ જાય..! જેની પાસે ડાયાબીટીશનો ઓલરેડી ગ્રીનકાર્ડ છે, એની હાલત તો, ઘારી જોઇને 'પાનીમે મીન પ્યાસી' જેવી બની જાય. જીવ બાળતા થઈ જાય..! કોઈ પુરુષને, મહિલા મહિલા મંડળનો પ્રમુખ બનાવ્યો હોય, અને જેવો મૂંઝારો થાય, એવી કફોડી હાલત બની જાય. સાલું નહિ ખવાય, નહિ જોવાય નહિ સહેવાય.!

ઘારીનો સ્વાદ જ એવો કે, એની સામે કચ્છી દાબેલીનો ઢગલો મુકો તો પણ નકામો..!

ખગોળ શાસ્ત્રીઓ ભલે ફાંકો રાખતા હોય કે, ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે છે, પણ આસો વદ પડવાની રાતે, બ્રહ્માંડના નિયમ એવા નેવે મુકાય જાય કે, એ રાતે, 'સુરતીલાલા'ઓ ચંદ્રની હાજરીમાં પૃથ્વી ઉપર ઘારી સાથે ભ્રમણ કરવા માંડે. (એક ચોખવટ કરી લઉં કે, (વાપીથી તાપી સુધીના બધા જ સુરતીલાલા કહેવાય..! પણ એનું એપી સેન્ટર એટલે સુરત.!) આકાશમાં શરદ પુનમનો શુદ્ધ માવા જેવો પેંડો લટકતો હોય ને, થાળીમાં ચાંદની જેવી ચકોર ઘારી ચકાચક પડી હોય, પછી કયો સુરતીલાલો હખણો રહે..? તાત્યા ટોપેના સૈનિકોની માફક ઘારી મળે એટલે તૂટી જ પડે. યાદ છે ને ઈ.સ. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન જયારે સ્વતંત્રતા સેનાની તાત્યા ટોપે પોતાના સૈન્ય સાથે સુરત આવેલા ત્યારે, સૈનિકોને શક્તિ અને સ્ફૂર્તિ મળે તે માટે દેવશંકરભાઈએ ખાસ શુદ્ધ ઘી અને માવામાંથી બનેલી ઘારી ખવડાવેલી. જે દિવસે સૈન્યને સામૂહિક ઘારી ખવડાવેલી, તે દિવસ આસો વદ પડવો (ચંદની પડવો) હતો. ત્યારથી ઘારી ખાવાની પરંપરા શરૂ થઈ. ઈતિહાસ અનુસાર, સુરતમાં સંત શ્રી નિર્મળદાસજીએ દેવશંકરભાઈને આ વિશિષ્ટ પ્રકારની મીઠાઈ બનાવવાની રેસિપી શીખવાડેલી, અને સુરતના લાલગેટ વિસ્તારમાં સૌ પ્રથમ ઘારી બનાવવાની શરૂઆત થયેલી. દુનિયાભરના લોકો ચંદી પડવાનો ચાંદ જોઇને કવિતા-શેર-શાયરી લખીને દિલદારાને ભલે પલાળતા હોય, પણ 'લાલા' ઓ જમવાની થાળીમાં ચાંદને ઉતારી ઘારી ઉલેળતા હોય.

ચંદી પડવાના પાયે ખાણીપીણી બેસે એટલે કર લો દુનિયા મુઠ્ઠીમેં .! જલસા જ જલસા..! કંદોઈની કોઇપણ દુકાનમાં, મેળા જ જામેલા હોય. જાણે સસ્તાભાવની દુકાને 'ઘારી-દાન' નો મહોત્સવ હોય..! આ બધું રાત અને દિવસ, તડકો અને છાંયડો, સુખ અને દુખ જેવું છે. મીઠી રૂપાળી ઘારી સાથે તમતમતું તીખું ભૂસું પણ હોય. તો જ ચંદી પડવો ઝામે..! પછી પેટને ડખો થાય, કે, કયો રસ પહેલો પચાવું.. મીઠો કે તીખો.. સુરતી લાલાની આ 'સુરતી' ફિલસુફી છે.. ચકાચુર ચંદ્રમાં ને ઓળઘોળ ઘારી..! એમાં ચવાણું એટલે સગપણમાં ફુવાજી..! ચંદી પડવાના ચાંદરણામાં ઘારી અને ભૂસું લઈને કોઈપણ નદી કે દરિયાના પટ ઉપર પથારી કરીને બેસી જાવ પછી, સ્વર્ગ જ સ્વર્ગ..! આકાશી સ્વર્ગ પામવાની ઈચ્છા જ નહિ થાય. પટ પર જ સ્વર્ગ દેખાવા માંડે. ઘારીની જ ઘેન એવી કે, મુશળધાર વરસાદ તૂટી પડે ને, રેલનાં પાણી ઘર-દર્શન કરવા આવે તો પણ તેલ લેવા ગઈ રેલ, ઘારી નહિ છૂટે..! કેઈડ જેટલા પાણીમાં પણ ઘારીની મહેફિલ જમાવે એનું નામ સુરતી લાલા.!,

ફાફડા જલેબી લોચો ખાયને શું ભુસાનો ફાંકો રાખે છે

વાઘ એણે માર્યા નથી પણ વાઘણને ઘરમાં રાખે છે

એક વાત છે, ઝાપટવામાં ને ઝપાટો મારવામાં ગુજરાતીને કોઈ પહોંચે નહિ. દશેરાના ફાફડા જલેબીનો સ્ટોક પેટમાંથી ખાલી ના થયો હોય ત્યાં ઘારીનો ઉદર પ્રવેશ થવા માંડે. છોડીયાં-ફાડ ફાફડા જલેબી પણ ઠોકે, ને ઘારીનો પણ કચ્ચરઘાણ કાઢે..! ખાણી-પીણીમાં કંટ્રોલ ફાવે જ નહિ. ટનબંધી ઘારીનો ઉપાડ નહિ થાય ત્યાં સુધી ખાધ જંપે નહિ. પછી ભલે ને સુગર દેડકાની માફક કુદાકુદ કર્યા કરે ..! સુગર ફાટ-ફાટ થાય નહિ ત્યાં સુધી, ઘારી અઘોરી લાગે નહિ. જેને સુગરની ઘાત હોય, એનાથી ઘારી જોવાય ખરી, પણ ખવાય નહિ. માત્ર દુરથી જ દર્શન કરવાના. રૂંવાડે રૂંવાડે બળતરા તો ઉઠે પણ કરે શું..? ગમતી છોકરી હાથમાં રાખડી બાંધી ગઈ હોય એટલુ દુખ થાય. એક-એક ઘારી ગ્રેનેડ બોંબ જેવી લાગે. પણ યુવાનીમાં જીભે ચઢેલો ઘારીનો સ્વાદ, ફીનાઈલના કોગળા કરો તો પણ જાય નહિ. છપ્પન ભોગના થાળ જોઇને ભગતની જે વલે થાય, એવી વલે ડાયાબીટીશવાળાની થાય. છતાં પણ ઘારી ખાવાની ઝપટ બોલાવવા ગયો તો, દિવાળીના ફટાકડા તો પછી ફૂટે, એ પહેલાં બંદાનો ફટાકડો ફૂટી જાય. શું કહો છો મામૂ..? સારું છે કે, આપણી ઘારી દેવો સુધી પહંચી નથી. નહિ તો ઘારી-ચાલીસા સાંભળીને દેવોને પણ, સુરતમાં અવતાર લેવાની લાલચ લાગે. એકવાર ઘારી ચાખી તો કહી પણ દે કે, 'તેલ લેવા જાય, ઇન્દ્રાસન..!' મારે તો સુરતમાં તાપી કિનારે એકાદ બંગલો જ લેવો છે..! ડાયાબીટીશ બહુત બુરી ચીજ હૈ યાર..! શરદ પૂનમની રાત જ એવી સોલ્લીડ માદક કે, પાણીનો પેગ પણ નશો કરવી દે..! પૂર્વ જનમના કોઈ સારા કર્મો હશે તો જ વાપ થી તાપીમાં આપણે પ્રગટ થયા હશે..! શું કહો છો રતનજી..!

**લાસ્ટ બોલ**

નવરાત્રીના ભવ્ય મંડપમાં એક બોર્ડ મારેલું.

ગરબામાં ઈલાસ્ટીકવાળા ધોતિયા પહેરીને કોઈએ પ્રવેશ કરવો નહિ. અને કરો તો ગરબા રમતી વખતે ધોતિયામાં મોબાઈલ રાખવો નહિ..! તારા કપાળમાં કાંદા ફોડું...!

# ૨૧ મી સદીમાં ગ્લોબલાઈઝડ કોમર્સ અને મેનેજમેન્ટ

(વધુ આવતા અંકે)

કોમર્સ અને મેનેજમેન્ટના ગુરૂઓનું મગજ પણ ચકરાવે ચડી જાય એવી પરિસ્થિતિનું સર્જન થઈ રહ્યું છે. કારણ એ છે કે અનેક વિરોધાભાસી વિચારોની આજે કોમર્સ અને મેનેજમેન્ટની દુનિયામાં ભરમાર છે. બે-ત્રણ વર્ષ પહેલાં સર્વોત્તમ ગણાતી કંપનીઓ પણ નાદારીના દરવાજે પહોંચી જાય એવું પણ જોવા મળે છે અને ભયંકર ખોટ કરતી કંપનીઓ ટર્નએરાઉન્ડ કરીને ટોપ કંપની બને છે.

મોટીમસભારેખમ ટેક્નોલોજીને બદલે હવે હાઈટેક ટેક્નોલોજી, હાઈટચ ટેક્નોલોજી અને હવે તો ટચલેસ ટેક્નોલોજીનું આગમન થઈ ચૂક્યું છે. રિમોટ કંટ્રોલથી જાણે મેનેજમેન્ટ થઈ રહ્યું એવું ભાસે છે. હવે કંપનીઓમાં લોન્ગ ટર્મ પ્લાનિંગને બદલે સ્ટ્રેટેજિક પ્લાનિંગ યાને વ્યૂહાત્મક આયોજનની વાતો થાય છે. ટેક્નોલોજીમાં ઝડપી પરિવર્તનને પગલે કોઈપણ જાતની પૂર્વ નોટિસ વિના અનેક મુશ્કેલીઓ પણ એક સાથે આવી પડતી હોય છે. આ સંજોગોમાં કોઈપણ કંપનીના મેનેજમેન્ટે એમની સ્ટ્રેન્થ (મજબૂતાઈઓ) અને વીકનેસ (નબળાઈઓ) નો સાચો અંદાજ મેળવવો આવશ્યક જ નહીં અનિવાર્ય પણ બને છે.

ઓગષ્ટ-૨૦૧૭ માં ગુગલ પર દુનિયાની સૌથી વધુ ઈનોવેટીવ એક્સો કંપનીઓની યાદી બહાર પડી તેમાંથી ૬૦ થી વધુ કંપનીઓ અમેરિકાની છે અને ભારતની ફક્ત ત્રણ કંપનીઓ છે. ઈનોવેટીવ કંપનીનું કલ્ચર ઈનોવેશનના પ્રભુત્વવાળુ હોવું જોઈએ. ભારતમાં ચીલાચાલુ કંપનીને ઈનોવેટીવ કંપની બનાવવામાં મોટામાં મોટી મુશ્કેલીઓ જૂની પરંપરાઓ છે. ભારતનું કલ્ચર ઈનોવેટીવ ઓછું છે. ભારતમાં રેઝિસ્ટન્સ ટુ ચેઈન્જનું પ્રમાણ ખૂબ જ વધુ છે.

વૈશ્વિક સ્પર્ધા સામે ટકી રહેવા માટે કોઈપણ કંપનીએ હવે ઈનોવેશન અને ક્રિએટીવીટી તરફ વધુ ધ્યાન આપવું પડે છે અને પરિણામે દરેક ઉદ્યોગોએ રિસર્ચ અને ડેવલપમેન્ટમાં જંગી મૂડીરોકાણ કરવું પડે છે.

દરેક ઉદ્યોગે પોતાની પ્રોડટમાં નિતનવીન સુધારાઓ કરતા રહીને ગ્રાહકને ફક્ત સંતોષ જ નહીં પરંતુ હવે તો કસ્ટમર ડિલાઈટ માટે આગેકૂચ કરવી પડે છે. ગળાકાપ સ્પર્ધાના આજના માહોલમાં કોમર્સ અને મેનેજમેન્ટમાં નૈતિક અને અનૈતિક બિહેવિયર વચ્ચેની રેખા ખૂબ જ પાતળી બનતી જાય છે. વૈશ્વિક કંપનીઓએ હવે નોલેજ મેનેજમેન્ટની વાતો કરવી પડે છે. કર્મચારીઓની ફક્ત ટેલેન્ટ જ નહીં ટેલેન્ટની સાથે સાથે ટેમ્પરામેન્ટટેનિક્સને પણ ધ્યાનમાં લેવી પડે છે.

કોમર્સ અને મેનેજમેન્ટના પ્રવર્તમાન ઈસ્યુઝની વાત કરતાં એક ઈસ્યુ એવો છે કે ભારતના કર્મચારીઓ પોતાના બોસથી ઘણા ડરતા હોય છે. બોસ અને

**અભિવ્યક્તિ**



**ડો. જે.એમ. નાયક (નવસારી)**
પૂર્વ આચાર્ય,
શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ

સબોર્ડીનેટ્સ વચ્ચે ઘણું અંતર જોવા મળે છે. પશ્ચિમના દેશોમાં આ અંતર ઘટતું જાય છે. નોકરીમાં જોબ સેટીસ્ફેકશન મેળવવાનો દરેક કર્મચારીને અધિકાર છે. ભવિષ્યમાં કંપનીઓએ કર્મચારીના જોબ સેટીસ્ફેકશનથી આગળ વધીને લાઈફ સેટીસ્ફેકશન મળે તે માટે પ્રયત્નો કરવા પડશે. ભારતની મેનેજમેન્ટને હ્યુમન એસેટ્સ વેસ્ટેજનો ખ્યાલ જો નહીં રહે તો કંપનીની ઉત્પાદકતા અને ઉત્પાદન બંને પર નકારાત્મક અસરો પડે છે.

ભારતની વસતી તા.૧ લી જુલાઈ-૨૦૧૭ ના રોજ ૧૩૩.૯૨ કરોડ જયારે વિશ્વની વસ્તી ૭૪૬.૬ કરોડ જેટલી હતી. વિશ્વની વસ્તી ૨૦૩૦ માં ૮૬૦ કરોડ, ૨૦૫૦ માં ૯૮૦ કરોડ અને એકવીસમી સદીનાં અંતે ૧૧૨૦ કરોડ થવાનો અંદાજ છે.

કોમર્સ અને મેનેજમેન્ટને સીધો સંબંધ વસતી સાથે પણ છે. વધી રહેલી વસતીના સંદર્ભે પણ કંપનીએ વિચારવું પડે.

ભારતીય કંપનીઓએ એશિયન દેશોમાં ઉદ્યોગ તેમજ વેપાર માટે પૂરજોશમાં ઝંપલાવવું જોઈએ.

ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના એક અંદાજ મુજબ ભારતમાં ૮૩ થી વધુ લોકો બિનસંગઠિત (ઈનફોર્મલ) ક્ષેત્રમાં કામ કરે છે. ચીનમાં આ પ્રમાણ ફક્ત ૩૩ છે. અસંગઠિત ક્ષેત્રમાં ઉત્પાદકતા નીચી હોય છે અને ટેક્નોલોજી જૂની કે આઉટડેટેડ હોય છે. મેનેજમેન્ટ પણ જૂની પુરાણી પદ્ધતિથી ચાલે છે. મોટાભાગનાને સંગઠિત ક્ષેત્રમાં નાનીમોટી નોકરીઓ મળે તો તેઓ તેમનો ધંધો છોડીને નોકરીએ વળગી જાય. પરંતુ તેમની કુશળતા મર્યાદિત હોવાથી સંગઠિત ક્ષેત્રમાં નોકરી મળતી નથી.

પુરુષ પ્રધાન સમાજમાં કે પછી વુમન એમ્પાવરમેન્ટ મુવમેન્ટ વચ્ચે વિશ્વનો વેપાર ઉદ્યોગ હવે ફક્ત પુરુષ પ્રધાન રહ્યો નથી. ખાસ કરીને ટોપ મેનેજમેન્ટ લેવલે પુરુષો જ હોય શકે એવી માન્યતા વચ્ચે સ્ત્રીઓનો પ્રમાણમાં ખૂબ જ ઝડપથી વધારો થઈ રહ્યો છે. પુરુષોએ પોતાના બોસ તરીકે સ્ત્રીઓને સ્વીકારવી જ પડશે. એકવીસમી સદીમાં કંપનીના સર્વોત્તમ સ્થાને સ્ત્રીઓનું પ્રમાણ વધતું જશે. ઘણી મલ્ટીનેશનલ કંપનીઓમાં એક્ઝીક્યુટીવના પદ પર સ્ત્રીઓ બિરાજમાન છે.

વિશ્વના કુલ દેશો ૧૮૫ જેટલા છે. ભારતમાં બિઝનેસ કરવાની સરળતા (ઈઝ ઓફ ડુઈંગ) જુદા જુદા ક્રાઈટેરીયા છે. તે સંદર્ભે જોઈએ કે ભારત ક્યાં છે? મેઈક ઈન ઈન્ડિયા કે સ્ટાર્ટ અપ ઈન્ડિયાને વેગ આપવા માટે ભારતે ઈઝ ઓફ ડુઈંગમાં આગળ આવવું પડશે. ભારતમાં ધંધો શરૂ કરવાની સરળતામાં ભારતનો ૧૫૭ મો ક્રમ છે. પ્રોપર્ટીનું રજીસ્ટ્રેશન કરાવવામાં ભારતનો ૧૫૪ મો ક્રમ છે. ટેક્ષ ભરવાની સરળતામાં ૧૧૯ મો ક્રમ છે.

ભારતની સરહદ બહાર વેપારમાં સરળતામાં ૧૪૬ મો ક્રમ છે. નાદારીનું નિરાકરણ કરવાની સરળતામાં ૧૦૩ મો ક્રમ છે. કન્સ્ટ્રકશનની રજા ચિઠ્ઠી મેળવવામાં ભારતનો ૧૮૧ મો ક્રમ છે. વિજળી કનેકશન મેળવવામાં ભારતનો ૨૯ મોક્રમ છે.

ક્રેડિટ કે ધિરાણ મેળવવામાં ૨૯ મો ક્રમ છે. અંતે એટલું કહેવાનું કે આપણે હવે સાચા અર્થમાં ગ્લોબલાઈઝ બનવું પડશે.

# અમૃતવર્ષિણી શરદ પૂર્ણિમા : મહારાસ અને દૂધ-પૌંઆનો મહીમા



શરદ પૂનમ (શરદ પૂર્ણિમા) એ હિન્દુ સંસ્કૃતિ અને ભારતીય તહેવારોમાં અત્યંત પવિત્ર, સુંદર અને આનંદદાયક પર્વ ગણાય છે. ભાદરવા મહિનાના અંત પછી આવતી આસો મહિનાની શુક્લ પક્ષની પૂર્ણિમાને શરદ પૂર્ણિમા કે રાસ પૂર્ણિમા તરીકે ઓળખવામાં આવે છે. શરદ પૂનમની રાત્રે ચંદ્ર પોતાની તમામ ૧૬ કળાઓ સાથે ખીલે છે. આ રાત્રે ચંદ્રનો પ્રકાશ અત્યંત શીતળ, નિર્મળ અને મનમોહક હોય છે. આસો મહિનામાં આકાશ એકદમ સ્વચ્છ હોય છે, જેથી ચંદ્રમાનું સાંદર્ય બમણું થઈ જાય છે. ચાંદનીનો આ શ્વેત પ્રકાશ સમગ્ર પૃથ્વીને એક અદ્ભુત અને શાંતિદાયક વાતાવરણમાં બાંધી લે છે. શ્રીકૃષ્ણની મહારાણ લીલાં શરદ પૂનમની રાત્રે જ ભગવાન શ્રીકૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ સાથે મહારાસ રચ્યો હતો. તેથી જ આ રાત્રે ગરબા અને રાસ રમીને આ ઉત્સવ મનાવવામાં આવે છે. માતા લક્ષ્મીજીનું આગમન (કોજાગરી પૂર્ણિમા) માન્યતા છે કે આ રાત્રે માતા લક્ષ્મીજી પૃથ્વી પર ભ્રમણ કરે છે અને પૂછે છે – કો જાગર્તિ? (કોણ જાગે છે?). જે લોકો જાગીને પ્રભુ ભક્તિ અને આરાધના કરે છે, દૂધ-પૌંઆને ચાંદનીમાં રાખવાથી તે આ કિરણોને શોષી લે છે. ત્યારબાદ તેનું ગ્રહણ કરવાથી શરીરને શીતળતા મળે છે અને સ્વાસ્થ્ય સારું રહે છે. ગુજરાતમાં આ દિવસે રાત્રે ખેલૈયાઓ પરંપરાગત પોશાક પહેરીને મોડી રાત સુધી ગરબે રમે છે. પરિવાર અને મિત્રો સાથે મળીને ચાંદની રાતમાં દૂધ-પૌંઆનો પ્રસાદ વહેંચીને આનંદ માણે છે. શરદ પૂર્ણિમા એ માત્ર એક તહેવાર નથી, પરંતુ પ્રકૃતિ, સ્વાસ્થ્ય, ભક્તિ અને ઉલ્લાસનો સુંદર સંગમ છે. આ રાત્રિ આપણને જીવનમાં શીતળતા, શાંતિ અને ભક્તિભાવ કેળવવાનો સંદેશ આપે છે.

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## આજથી ૧લી નવેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાશે

(દમણગંગા ટાઈમ્સ)

**અમદાવાદ, તા. ૧૫ :** અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૬માં આ વખતે પુસ્તકોની દુનિયાની સાથે ગુજરાતી સાહિત્ય, કવિતા, ગઝલ, હાસ્ય, લોકનાટ્ય, ભજન અને દેશભક્તિ સંગીતના કાર્યક્રમો પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. ૨૪ ઑક્ટોબરથી ૧ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારા ફેસ્ટિવલમાં જાણીતા કવિઓ, સાહિત્યકારો, સંગીતકારો, ગઝલકારો અને કલાકારો વિવિધ વિષય આધારિત કાર્યક્રમોમાં ભાગ લેશે. ફેસ્ટિવલના કાર્યક્રમોની યાદી અનુસાર, દરરોજ સાંજે મુખ્ય મંચ પર વિશેષ રજૂઆતો યોજાશે, જેમાં ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના વિવિધ રંગો જોવા મળશે.

ફેસ્ટિવલના પ્રથમ દિવસે, ૨૪ ઑક્ટોબરે, કવિ નિરંજન ભગતની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે તેમને સમર્પિત કવિ સંમેલન યોજાશે. નિરંજન ભગત જાણીતા કવિ, વિવેચક અને અનુવાદક હતા તથા તેમને ૧૯૯૯માં સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. આ કાર્યક્રમમાં કૃષ્ણ દવે, માધવ રામાનુજ, તુષાર શુક્લ, સંજુ વાળા અને વિનોદ જોશી સહિતના કવિઓ ભાગ લેશે. આ ઉપરાંત મુકેશ જોશી, તેજસ દવે, પારુલ બારોટ અને હરદ્વાર ગોસ્વામીનાં નામ પણ કાર્યક્રમની યાદીમાં સામેલ છે. કવિઓની આ મહેફિલમાં નિરંજન ભગતના સાહિત્યિક યોગદાનને યાદ કરવામાં આવશે.૨૫ ઑક્ટોબરે 'રિવરફ્રન્ટ રિટ્રીટ' કાર્યક્રમમાં જય થડેશ્વર, ડૉ. નિમિત ઓઝા, ડૉ. પ્રશાંત ભીમાણી અને ધ્વનિત ઠાકર પુસ્તકો, વિચારો અને અમદાવાદની વિશિષ્ટ ઓળખ અંગે સંવાદ કરશે. નદીના વહેણની જેમ વિચારો અને અનુભવોને વહેંચવાના હેતુથી આ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

૨૬ ઑક્ટોબરે 'શબ્દસિમ્ફની' કાર્યક્રમમાં દિવંગત સંગીતકાર ગૌરાંગ વ્યાસની અવિસ્મરણીય રચનાઓને સંગીતમય સૂરાંજલિ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રહર વોરા, ગાર્ગી વોરા, સંપદા વોરા અને મેઘ મહેતા રજૂઆત કરશે, જ્યારે જીવંત સંગીત સાથે કાર્યક્રમને વિશેષ સ્વરૂપ આપવામાં આવશે. કવિ તુષાર શુક્લ ગૌરાંગ વ્યાસના સંગીતક્ષેત્રમાં યોગદાન અંગે વાત કરશે અને તુષાર જોશી કાર્યક્રમનું સંચાલન કરશે.

૨૭ ઑક્ટોબરે તુલસીપત્ર ફાઉન્ડેશન દ્વારા 'જિથરો ભાભો' નામનું ગુજરાતી લોકહાસ્ય નાટક રજૂ કરવામાં આવશે. સૌરાષ્ટ્રની લોકકથાઓ પરથી પ્રેરિત આ રજૂઆતમાં વ્યંગ્ય, પરંપરા અને વાર્તાકથનનો સમન્વય જોવા મળશે. આ કાર્યક્રમ ચંદ્રવદન મહેતાની જન્મશતાબ્દી નિમિત્તે તેમને અર્પણ કરવામાં આવ્યો છે.

૨૮ ઑક્ટોબરે ઓસમાણ મીર અને આમીર મીર દ્વારા 'ભજનક્લબિંગ' કાર્યક્રમમાં પરંપરાગત ભજનોને નવા, ઊર્જાસભર અંદાજમાં રજૂ કરવામાં આવશે. લોકસંગીત અને ફોક-રોકની શૈલીના સમન્વયથી તૈયાર કરવામાં આવેલો આ કાર્યક્રમ વિવિધ પેઢીના શ્રોતાઓને ભક્તિસંગીત સાથે જોડવાનો પ્રયાસ કરશે.

૨૯ ઑક્ટોબરે 'હાસ્યરંગ' કાર્યક્રમમાં ગુજરાતી હાસ્યસાહિત્ય અને હાસ્યપ્રસ્તુતિનો રંગ જામશે. વિનોદ ભટ્ટની હાસ્યપરંપરાની ભાવનાને અનુરૂપ આ કાર્યક્રમમાં ભાગ્યેશ ઝા, શાહબુદ્દીન રાઠોડ અને સુખદેવ ધામેલિયા પોતાના હળવા-ફૂલકા કિસ્સાઓ, ધારદાર અવલોકનો અને રમૂજી રજૂઆતો દ્વારા શ્રોતાઓને હસાવશે.૩૦ ઑક્ટોબરે 'સાહિત્ય મને ગમે છે' કાર્યક્રમમાં દૈનિક જીવનમાં સાહિત્યનું મહત્ત્વ, વાંચનની વ્યક્તિગત સફર અને જીવનને ઘડનારા પુસ્તકો અંગે સંવાદ યોજાશે. આ કાર્યક્રમમાં પુરુષોત્તમ રૂપાલા, વસંત ગઢવી, અરવિંદ બારોટ અને રામ મોરી ભાગ લેશે. વાચકોને સાહિત્ય સાથે જોડતા અનુભવો અને મનગમતા શબ્દો અંગેની ચર્ચા આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રહેશે.

૩૧ ઑક્ટોબરે ગઝલની મહેફિલ યોજાશે, જેમાં ગુજરાતના જાણીતા ગઝલકારો પોતાની રચનાઓ રજૂ કરશે. આ કાર્યક્રમમાં હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, મધુ પટેલ, ચંદ્રેશ મકવાણા, કુણાલ શાહ, શૌનક જોશી, લવ સિંહા, માધવ આસ્તિક, અનંત રાઠોડ અને મનીષ પાઠક ભાગ લેશે. ગઝલ, શેર અને લાગણીઓથી ભરપૂર આ કાર્યક્રમમાં ગુજરાતી ગઝલસાહિત્યની વિવિધતા રજૂ થશે.ફેસ્ટિવલના અંતિમ દિવસે, ૧ નવેમ્બરે, 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' કાર્યક્રમ દ્વારા દેશભક્તિ ગીતોની રજૂઆત સાથે ફેસ્ટિવલનું સમાપન થશે. આ કાર્યક્રમમાં ડૉ. રઈશ મનીઆર, વિશ્વનાથ બટુંગે, સ્વરિત કેલકર અને વિભાવરી યાદવ ભાગ લેશે. દેશની આઝાદી, બલિદાન અને રાષ્ટ્રીય ગૌરવની ભાવનાને ઉજાગર કરતાં ગીતો સાથે નવ દિવસીય ફેસ્ટિવલને સંગીતમય વિદાય આપવામાં આવશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં ૨૪ ઑક્ટોબરથી ૧ નવેમ્બર સુધી દરરોજ સવારે ૧૧થી રાત્રે ૧૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે કાર્યક્રમો યોજાશે. મુખ્ય મંચ પર દર્શાવાયેલા મોટા ભાગના વિશેષ કાર્યક્રમો સાંજે ૭:૩૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યા છે, જ્યારે ૨૫ ઑક્ટોબરનો 'રિવરફ્રન્ટ રિટ્રીટ' કાર્યક્રમ સાંજે ૭થી રાત્રે ૧૦ વાગ્યા સુધી યોજાશે. સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે યોજાનારો આ ફેસ્ટિવલ પુસ્તકપ્રેમીઓ અને સાહિત્યરસિકો માટે વાંચન સાથે સંગીત, કલા, હાસ્ય અને ગુજરાતી સંસ્કૃતિનો અનુભવ કરવાની તક પૂરી પાડશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ દરમિયાન સાહિત્યપ્રેમીઓ, લેખકો અને બાળકો માટે વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત, દરરોજ બપોરે ૨થી સાંજે ૫ વાગ્યા દરમિયાન ડોમ-૨માં લેખન કાર્યશાળાઓ યોજાશે, જેમાં સહભાગીઓને લેખન કૌશલ્ય વિકસાવવાની તક મળશે. બાળકોમાં વાંચન અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે દરરોજ સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા દરમિયાન ડોમ-૧માં ચિલ્ડ્રન્સ પેવેલિયનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સાહિત્યપ્રેમીઓ અને મુલાકાતીઓને લેખકો સાથે સંવાદ સાધવાની તક પૂરી પાડવા માટે દરરોજ બપોરે ૩થી સાંજે ૬ વાગ્યા દરમિયાન ડોમ-૧માં 'ઑથર્સ કોર્નર'નું આયોજન કરવામાં આવશે.

## વલસાડના ૯૬ ગ્રામ પંચાયતોના સરપંચ પદના રોટેશનનું જાહેરનામું પ્રસિદ્ધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ તાલુકામાં ગ્રામ પંચાયતોની આગામી સામાન્ય ચૂંટણીઓની વહીવટી તૈયારીઓ વચ્ચે એક મોટો વિવાદ સામે આવ્યો છે. વલસાડ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી નીતિન સાંગવાન દ્વારા આજરોજ વલસાડ તાલુકાની ૯૬ ગ્રામ પંચાયતોના સરપંચ પદ માટે અનામત રોટેશન મુજબનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જોકે, આ યાદીમાં માત્ર એક વર્ષ અગાઉ જ જ્યાં ચૂંટણી યોજાઈ ચૂકી છે તેવા ૧૦ ગામોનો પણ સમાવેશ કરી દેવાતાં સ્થાનિક સરપંચો, આગેવાનો અને ગ્રામજનોમાં ભારે આશ્ચર્ય સાથે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. સામાન્ય નિયમ મુજબ ગ્રામ પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. પરંતુ આ જાહેરનામામાં મગોદ, સરોણ, પંચલાઈ, ભાગલ, સોનવાડા, નંદાવલા, દાંડી, દાંતી, કકવાડી અને મગોદડુંગરી જેવા ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યાં માંડ એકાદ વર્ષ પહેલાં જ લોકશાહી ઢબે ચૂંટણી યોજાઈ હતી અને નવા સરપંચો ચૂંટાઈને આવ્યા હતા. હજુ તો આ પંચાયતોનો કાર્યકાળ શરૂ થયો છે ત્યાં જ ફરીથી રોટેશન જાહેર થતાં ચૂંટાયેલા સરપંચો અસમંજસમાં મુકાયા છે. આ નિર્ણયથી અસરગ્રસ્ત ગામોમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી છે કે શું આ વહીવટી ક્ષતિ કે ભૂલ છે કે પછી કોઈ વિશેષ કાયદાકીય પ્રક્રિયા હેઠળ આ ગામોનો સમાવેશ કરાયો છે. હાલના સરપંચો અને ગ્રામજનો આ બાબતે જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે.એક વર્ષ અગાઉ ચૂંટાયેલા પ્રતિનિધિઓનો કાર્યકાળ અધવચ્ચે અટકશે કે જાહેરનામામાં સુધારો થશે, તે અંગે હાલ સમગ્ર વલસાડ પંથકમાં ચર્ચા અને આશ્ચર્યનો વિષય બન્યો છે.

## બુધસભા વલસાડે શોભાવી શેરી ગરબાની રંગત




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** શેરી ગરબો એ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિનું ઘરેણું છે. ગુજરાતની ગરિમા છે .વલસાડની ગ્રામીણ ભૂમિ પર માતાની સુંદર માટલી સાથે, ફૂલોની રંગોળી સાથે સુશોભિત કરીને પરંપરાગત રીતે ગામની દરેક પ્રજા એમાં ઉત્સાહભેર ભાગ લે ,સહયોગ કરે એ રીતે શેરી ગરબાની ઉત્કૃષ્ઠ કૃતિઓ ગામના પ્રાંગણમાં રજૂ થઈ. જેમાં વશીયર ગામના રૂપા માતાના મંદિરના પટાંગણમાં શેરી ગરબા એની હલક, તાલ, લય, ઢોલકના સંગાથે રમાયા. વાતાવરણ એવી દિવ્યતામાં જામ્યું કે સાક્ષાત માતાજી ગરબો લઈને પધાર્યા. રૂપા માતાનું મંદિર પણ સુંદર રોશનીથી ઝળહળી ઊઠ્યું. ખૂબ મોટી સંખ્યામાં લોકોએ ભક્તિભાવથી શેરી ગરબામાં જોડાયા. અહીં વશીયર ગામના બે જૂથો ( યુવતીઓ અને વ્યસક), ચિંચવાડા ગામના ૩ જૂથો (વહુઓ ,સાસુઓ અને બાળકો), રાષ્ટ્રીય અંધજન શાળાની કિશોરીઓ ડિરેક્ટર અમી પટેલ ,અનુપમા (હાર્મોનિયમ બચુભાઈ , હરિ ઓમ તબલા વાદક અને પ્રીતિ બેન) સેગવી, પારનેરા પારડી ગામની બહેનોએ માતાના પ્રાચીન ગરબાઓની રમઝટ બોલાવી હતી. આ દરેક ભાગ લેનાર બહેનોને વ્યક્તિગત રીતે આકર્ષક ટ્રોફીઓ અને રોકડ રકમ આપવામાં આવી હતી. અટકપારડી ખાતે ભરવાડ સમાજની બહેનોએ નિજના પહેરવેશ સાથે તેમની ભાષાના શેરી ગરબા પ્રસ્તુત કર્યાં હતાં. બુધસભા વલસાડે દરેક ગોવાલણ બહેનોને વ્યક્તિગત ટ્રોફીથી સન્માનિત કર્યાં હતાં.

સાહિત્ય, સંગીત અને પ્રકૃતિના સંવર્ધનને વરેલી બુધસભા તેમની પોતાની નાજુક, અર્થસભર વિશિષ્ટતા સાથે સંસ્કૃતિનું પોષણ માટે શાંત , સુવ્યવસ્થિત અને સૌમ્ય રીતે કાર્યક્રમો છેક ૨૦૧૫ થી ગતિમાન છે. વસિયર ગામના સ્થાનિકો અને બુધસભાના સાથી પ્રકાશ પટેલે ખૂબ મહેનત કરી હતી. બુધસભા વલસાડના સભ્યો મહેશ દેસાઈ દિલીપભાઈ, દક્ષાબેન બલસારા, પ્રો.વિનોદ પટેલ, પ્રો. યોગેશ ભટ્ટ, ગ્રંથપાલ સનતભાઈ, શશી પટેલ, ચેતન પારેખ, અર્ચનાબેન, રશ્મિ મીનાબેન, કામિની નાયક, નીતાબેન, ગીતાબેન, ડો. રાહુલ ટિક્કુ , કવિ યોગેશ જોશી અને અન્ય સાથી મિત્રોએ અંગત રસ લઈને કાર્યક્રમ સુશોભિત કર્યો. આભાર વિધિ બુધસભાના સાથી રમેશભાઈ રસમંજન દ્વારા તેમની વિશિષ્ટ સાહિત્યિક શૈલીમાં કર્યું સમગ્ર શેરી ગરબા કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડો .રાધિકા રાહુલ ટિક્કુએ કર્યું.

### વિરોધ વચ્ચે પણ સંયમ અને સંવાદની પ્રશંસનીય પહેલ

## વાઢવણ પોર્ટની પ્રશાસક પ્રફુલ પટેલે મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** સંઘપ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલ દ્વારા પ્રદેશના સર્વાંગી વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને ભવિષ્યની આર્થિક સંભાવનાઓને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં નિર્માણાધીન વાઢવણ પોર્ટની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત પ્રદેશના ઔદ્યોગિક ક્ષેત્રના લાંબા ગાળાના હિતો, વેપાર-વાણિજ્યની નવી તકો અને એક ઔધોગિક કોરિડોર ભવિષ્યમાં ઉપલબ્ધ થઈ શકે તેવી વિકાસની સંભાવનાઓને સમજવાના હેતુથી કરવામાં આવેલો એક મહત્ત્વપૂર્ણ પ્રયાસ છે. પ્રદેશના ઉદ્યોગોને વધુ સક્ષમ બનાવવા, પરિવહન અને લોજિસ્ટિક્સની સુવિધાઓનો સંભવિત લાભ મેળવવા તથા રોજગારી અને આર્થિક પ્રવૃત્તિઓ માટે નવી તકો ઊભી કરવાની દિશામાં આવી પરિયોજનાઓનો અભ્યાસ કરવો જરૂરી છે. વાઢવણ પોર્ટ જેવી વિશાળ બંદર પરિયોજના ભવિષ્યમાં દરિયાઈ વેપાર, માલસામાનની હેરફેર, સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે નવી સંભાવનાઓ ઊભી કરી શકે છે. આ સંદર્ભમાં પ્રદેશના ઉદ્યોગજગતને તેનો સંભવિત લાભ કેવી રીતે મળી શકે તે સમજવાનો પ્રયાસ વિકાસલક્ષી અભિગમ દર્શાવે છે.દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ માટે મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. અહીંના ઉદ્યોગો, વેપારીઓ, શ્રમિકો અને યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ઔદ્યોગિક માળખાગત સુવિધાઓ, પરિવહન વ્યવસ્થા અને બજારો સુધીની પહોંચ જેવા મુદ્દાઓનું મૂલ્યાંકન કરવું સમયની જરૂરિયાત છે. વાઢવણ પોર્ટની મુલાકાતને આ જ વ્યાપક દૃષ્ટિકોણથી જોવી જોઈએ. કોઈપણ મોટા માળખાગત -નેજેક્ટની અસર માત્ર તેના નિર્માણસ્થળ પૂરતી સીમિત રહેતી નથી, પરંતુ તેની સાથે જોડાયેલી પરિવહન વ્યવસ્થા, વેપાર, રોકાણ અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પર પણ તેની સંભવિત અસર થઈ શકે છે. તેથી પ્રદેશના ઔદ્યોગિક હિતોને ધ્યાનમાં રાખીને આવી પરિયોજનાઓનો અભ્યાસ કરવો અને ભવિષ્યમાં ઉપલબ્ધ થઈ શકે તેવી તકોને સમજવી એક જવાબદાર અને દૂરંદેશીભર્યો અભિગમ છે.



વાઢવણ પોર્ટની મુલાકાત દરમિયાન સ્થાનિક ગ્રામજનોના એક નાના જૂથ દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. આવી પરિસ્થિતિમાં સંયમ જાળવીને લોકોની વાત સાંભળવી, તેમની રજૂઆતોને સમજવાનો પ્રયાસ કરવો અને શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવું પ્રશાસકીય પરિપક્વતા અને જવાબદાર નેતૃત્વની ઓળખ છે.લોકશાહી વ્યવસ્થામાં દરેક નાગરિકને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો અને સંબંધિત પ્રશ્નો રજૂ કરવાનો અધિકાર છે. વિકાસલક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મુદ્દાઓ પર સ્થાનિક લોકોની ચિંતાઓને સમજવી અને તેમની સાથે સંવાદ જાળવવો પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. વિરોધની પરિસ્થિતિમાં પણ સંયમ, શાંતિ અને સંવાદનો માર્ગ અપનાવવો એ પરસ્પર વિશ્વાસ મજબૂત કરવા માટે જરૂરી છે. વિકાસ અને જનભાવનાઓ વચ્ચે સંતુલન જાળવીને આગળ વધવું એ સુશાસનનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. આ દૃષ્ટિએ પ્રશાસકની મુલાકાત દરમિયાન અપનાવવામાં આવેલો સંયમપૂર્ણ અભિગમ પ્રશંસનીય છે.

નારગોલ-સંજાણના સંદર્ભમાં પ્રાદેશિક હિતોની ચર્ચા

વાઢવણ પોર્ટની પરિયોજનાને લઈને ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોના સંદર્ભમાં પણ ચર્ચા થતી રહી છે. નારગોલ અને સંજાણ વિસ્તારમાં બંદર પરિયોજના અંગે અગાઉ રજૂ થયેલી સંભાવનાઓ તથા સ્થાનિક વિરોધના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ સમગ્ર વિષયને ઐતિહાસિક અને પ્રાદેશિક પરિ-ક્ષ્યમાં સમજવો જરૂરી છે. કોઈપણ મોટા બંદર પ્રોજેક્ટનું સ્થળ નક્કી કરતી વખતે ભૌગોલિક પરિસ્થિતિ, પર્યાવરણ, સ્થાનિક જનજીવન, માળખાગત સુવિધાઓ અને આર્થિક શક્યતાઓ સહિતના અનેક પાસાઓ મહત્ત્વ ધરાવે છે. તેથી આ સંબંધિત બાબતોની ચર્ચા તથ્યો અને સત્તાવાર માહિતીના આધારે થવી જોઈએ, જેથી પ્રદેશના હિતો અંગે યોગ્ય મૂલ્યાંકન કરી શકાય. આજે આવશ્યકતા એ છે કે પ્રદેશના ઉદ્યોગો અને નાગરિકોને ભવિષ્યમાં ઉપલબ્ધ થઈ શકે તેવી તકો અંગે સમયસર માહિતી મળે અને વિકાસને લગતા નિર્ણયો તથા યોજનાઓ અંગે રચનાત્મક ચર્ચા થાય.પ્રદેશના સર્વાંગી વિકાસનો અર્થ માત્ર ઔદ્યોગિક ઉત્પાદન વધારવો જ નથી, પરંતુ રોજગારીની નવી તકો ઊભી કરવી, સ્થાનિક વેપારને પ્રોત્સાહન આપવું, યુવાનો માટે આર્થિક સંભાવનાઓ વધારવી અને સામાન્ય નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવું પણ છે. આ દિશામાં પ્રદેશની બહાર વિકસતી મોટી માળખાગત પરિયોજનાઓનો અભ્યાસ કરવાથી ભવિષ્યની યોજનાઓ માટે ઉપયોગી દૃષ્ટિકોણ મળી શકે છે. જોકે, તેનો વાસ્તવિક લાભ કેટલો અને કઈ રીતે મળશે તે પરિવહન જોડાણો, સરકારી નીતિઓ, ઉદ્યોગોની જરૂરિયાતો અને અન્ય સંબંધિત પરિબળો પર આધારિત રહેશે. આથી આવી સંભાવનાઓનું યોગ્ય મૂલ્યાંકન કરવું મહત્ત્વપૂર્ણ છે. પ્રદેશના ઔદ્યોગિક હિતોને કેન્દ્રમાં રાખીને ભવિષ્યની તકો સમજવાનો પ્રયાસ એ વિકાસ પ્રત્યેની સક્રિય વિચારધારાનું પ્રતિબિંબ છે.

ઉદ્યોગજગત, સ્થાનિક વેપારીઓ, શ્રમિકો અને યુવાનોના હિતોને ધ્યાનમાં રાખીને લાંબા ગાળાનું આયોજન કરવામાં આવે તો પ્રદેશની આર્થિક પ્રગતિને વધુ વેગ મળી શકે છે.પ્રશાસક પ્રફુલ્લભાઈ પટેલના નેતૃત્વમાં પ્રદેશના સર્વાંગી વિકાસ અને ઔદ્યોગિક પ્રગતિ માટે કરવામાં આવતા પ્રયાસોના સંદર્ભમાં વાઢવણ પોર્ટની મુલાકાતને મહત્ત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવે છે. પ્રદેશના ભવિષ્યને અસર કરી શકે તેવી માળખાગત સુવિધાઓનો અભ્યાસ કરવો, સંભવિત તકોને ઓળખવી અને ઔદ્યોગિક હિતોને ધ્યાનમાં રાખીને વિકાસલક્ષી દૃષ્ટિકોણ અપનાવવો આવકારદાયક છે. વિકાસના માર્ગે આગળ વધવા માટે મજબૂત માળખાગત સુવિધાઓ જેટલું જ મહત્ત્વ સંવાદ, સંયમ, જનભાગીદારી અને પરસ્પર વિશ્વાસનું પણ છે. વિરોધની પરિસ્થિતિમાં શાંતિપૂર્ણ અભિગમ જાળવીને લોકોની વાત સાંભળવી એ લોકશાહી મૂલ્યો પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. પ્રદેશના ઉદ્યોગો, વેપાર, રોજગારી અને જનકલ્યાણ માટે ભવિષ્યની સંભાવનાઓનું મૂલ્યાંકન કરવાની આ પહેલ વિકસિત પ્રદેશના સંકલ્પ તરફનું એક સકારાત્મક પગલું છે.

આશા છે કે આવી વિકાસલક્ષી વિચારધારા અને રચનાત્મક સંવાદના માધ્યમથી પ્રદેશની ઔદ્યોગિક પ્રગતિને નવી દિશા મળશે અને સ્થાનિક નાગરિકો માટે વધુ તકો ઊભી થશે.

## માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની માંગ

**જનજાતીય સમાજના ઐતિહાસિક બલિદાનને રાષ્ટ્રીય સ્તરે સન્માન આપવા કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતીય સમાજના અમૂલ્ય યોગદાન અને બલિદાનને રાષ્ટ્રીય સ્તરે યોગ્ય સન્માન મળે તે હેતુથી જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત દ્વારા આજે વલસાડ જિલ્લા કલેક્ટર ને માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવાની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમના કેન્દ્રીય કાર્યકારી મંડળની તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાજસ્થાનના ભીલવાડા ખાતે યોજાયેલી બેઠકમાં પસાર કરવામાં આવેલા ઠરાવ ક્રમાંક ૮ને અનુસરીને આ રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવા માટે જરૂરી કાયદાકીય અને વહીવટી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરે તેવી માંગ કરવામાં આવી છે. માનગઢ ધામનો ઈતિહાસ જનજાતીય સમાજના સંઘર્ષ, સ્વાભિમાન અને બલિદાનની ગૌરવગાથા સાથે જોડાયેલો છે. સંત શ્રી ગોવિંદ ગુરુના નેતૃત્વમાં ચાલેલા ભગત આંદોલનને કચડી નાખવા માટે બ્રિટિશ શાસન દરમિયાન તા. ૧૭ નવેમ્બર, ૧૯૧૩ના રોજ માનગઢ ખાતે ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં ૧,૫૦૦થી વધુ જનજાતીય મહિલા, પુરુષો અને બાળકોએ પોતાના -ાણનું બલિદાન આપ્યું હતું.

આવેદનપત્ર દ્વારા માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવા ઉપરાંત તેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વને અનુરૂપ સંરક્ષણ તથા વિકાસ કરવા, ઐતિહાસિક દસ્તાવેજો અને સ્મૃતિઓનું સંકલન કરવા તેમજ જનજાતીય સમાજના સ્વાતંત્ર્ય સંગ્રામના યોગદાનને શાળા-કોલેજોના અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાન આપવા માંગ કરવામાં આવી છે. આવેદન પત્ર આપવા સામાજિક કાર્યકર્તા મનસુખભાઈ વાવડીયા અને ધનજીભાઈ પવાર સહિત જનજાતિ કલ્યાણ આશ્રમના રાજેશભાઈ ભોયા, મનુભાઈ ભોયા, પીનુભાઈ ચૌધરી, રમેશભાઈ પવાર, અંશુયાબેન ગાંવિત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જનજાતિ કલ્યાણ આશ્રમ ગુજરાત દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી રાજ્યપાલ અને આદિજાતિ વિકાસ મંત્રી સમક્ષ પણ આ માંગ કેન્દ્ર સરકાર સુધી અસરકારક રીતે પહોંચાડવા અને જરૂરી સંકલન કરવા અપીલ કરવામાં આવી છે.

માનગઢ ધામને રાષ્ટ્રીય સ્મારકનો દરજ્જો આપવો એ માત્ર એક ઐતિહાસિક સ્થળને માન્યતા આપવાનો વિષય નથી, પરંતુ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જનજાતીય સમાજે આપેલા યોગદાન અને બલિદાનને રાષ્ટ્રીય ઈતિહાસમાં ગૌરવપૂર્ણ સ્થાન આપવાની ઐતિહાસિક જવાબદારી છે.

## સોમવારે કચ્છમાં નરસિંહ મહેતા એવૉર્ડ-૨૦૨૬

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ ટ્રસ્ટ-જુનાગઢ આયોજિત, રામકથાકાર પૂ. મોરારિબાપુ પ્રેરિત દર શરદ પૂર્ણિમા એ યોજાતો- નરસિંહ મહેતા એવૉર્ડ - ૨૦૨૬ નો એવૉર્ડ અર્પણ સમારંભ - -સિદ્ધ પૂજ્ય મોરારિબાપુના કર કમળથી સન્માન્નીય કવિ શ્રી રમણીક સોમેશ્વરજીને - કચ્છ ભૂજના ટાઉન હોલમાં શરદ પૂનમની રઢીયાળી સાજે તા. ૨૬-૧૦ સોમવારે ૧૭-૩૦ થી શુભારંભ થશે. સમારંભનુ પ્રાસંગિક ઉદ્બોધન શ્રી રઘુવીર ચૌધરી કરશે, શ્રી ધીરેન્દ્ર મહેતા જાણકારી આપશે, ઉપસ્થિત સૌ મહેમાનો સાહિત્યકારોને આવકાર શ્રી વિનોદ જોશી આપશે અને આ વિશેષ સાહિત્યિક સમારંભનું શબ્દ સંયોજન શ્રી પ્રણવ પંડયા કંડારશે. આ સાહિત્ય રસ-ચુર કાર્યક્રમનું જીવંત પ્રસારણ પ્રસંગીતની દુનિયા-તલગાજરડા દ્વારા યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે.

## સંજાણ અંબામાતા મંદિરમાં ભાગવત કથા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૨ :** સંજાણ આમગામ રોડ ધોડિયાવાડ અંબામાતા મંદિર ના પટાગણ મા શારદીય નવરાત્રી અનુષ્ઠાન અંતર્ગત શરુ થયેલી સમર્થ કથાકાર પ્રફુલભાઇ શુક્લની શ્રીમદ દેવી ભાગવતકથા મા આજે છઠા દિવસે દેવી ભાગવતકથાના માતાજી ની કૃપા પ્રાપ્તિ માટેના શ્રેષ્ઠ માર્ગ ભક્તિ માર્ગની ચર્ચા કરવામાં આવી હતી. આ પૂર્વે છઠ્ઠા દિવસનો દશાંશ યજ્ઞ સંપન્ન થયો હતો. આચાર્ય અંકુરભાઈ શુક્લ, કિશનભાઇ દવે દ્વારા વેદ મંત્રોચાર કરવા મા આવ્યા હતા. ઉપસ્થિત શ્રોતાજનો તેમજ કથા ના મુખ્યયજમાન અને આયોજક ભાવનાબેન પ્રવીણકુમાર ગુપ્તા અને એમના પરિવાર દ્વારા પોથી તેમજ વ્યાસપૂજન કરવામાં આવ્યું હતુ. કથાકાર પ્રફુલભાઇ શુક્લ એ વ્યાસપીઠ પરથી કહ્યુ હતુ કે જે ધારણ કરે છે એ ધર્મ છે, ભારત દેશ મહાપુરુષો અને



ઋષિમુનીઓ નો છે, બહાર ના શત્રુઓ ને હણવા એ સરળ છે જ્યારે ભીતર ના શત્રુ ને હણવા એ કઠિન છે, જગત મા એકજ આધાર છે અને એ છે મા અનિત્ય સંસાર મા નિત્ય કેવલ રામ છે જેણે જીવન માઁ ને સોપ્યુ હોય એની ચિંતા માઁ કરે છૈ જ્યાં સુધી શરણાગતી ના આવે ત્યાં સુધી પરિણામ નઈ આવે, બ્રહ્મા,વિષ્ણુ અને મહેશ ત્રણેય દેવતાઓ માતાજી ના ગુણગાન ગાય છે. વિશાળ સંખ્યા મા ભાવિક ભક્તો માતાજી ના નામ સ્મરણ અને કીર્તન મા જોડાયા હતા. કથા મા ઉમરગામ બ્રહ્મ સમાજ અગ્રણી ચંદ્રકાન્તભાઈ શુક્લ,યુવા કથાકાર હાર્દિકભાઈ શુક્લ, દીપકભાઈ ચોપડીયા (S. T મોર્ચા પ્રદેશ મંત્રી ), રવુભાઇ વળવી(શ્રી રામ સેના પ્રદેશ સચિવ), મયુરભાઈ વખારીયા (રાષ્ટ્રીય સચિવ શ્રી રામ સેના), મદેશિયા વેશ્ય સમજ સેવા સંઘની ટિમ માતૃ શક્તિ અને મેહમાનો પધાર્યા હતા.

જેમનું સ્વાગત જયેશભાઇ જયસવાલ, નિશાંતભાઈ ગુપ્તા અને આયોજકો દ્વારા કરવામાં આવ્યું હતુ. ચંદ્રકાન્તભાઇ શુક્લ અને હાર્દિકભાઈ શુક્લ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત શ્રોતાજનો એ મહાપ્રસાદનો લાભ લીધો હતો. કથા ને સફળ બનાવવા માટે આયોજકો સાર્વજનિક મિત્ર મંડળ ધોડિયાવાડ સંજાણ,મદેશિયા વૈશ્ય સમાજ સંઘ ઉમરગામ, ૐ સાંઈ પદયાત્રી મિત્ર મંડળ ભારે જેહમત ઉઠાવી રહ્યુ છે.

## વાપી નોટિફાઈડ વિસ્તારમાં રસ્તાઓનું રિપેરિંગ અને પેચવર્ક કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** વાપી નોટિફાઈડ વિસ્તારમાં ખરાબ થયેલા રસ્તાઓના સમારકામ માટે રૂ. ૧૦ કરોડના ખર્ચે રિપેરિંગ અને પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવશે. વાપી નોટિફાઈડ બોર્ડ ઓફ મેનેજમેન્ટની આજે યોજાયેલી બેઠકમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.વાપી નોટિફાઈડ વિભાગની કચેરી ખાતે બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન મગનભાઈ સાવલિયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બોર્ડના સભ્યો યોગેશભાઈ કાબરીયા, રાજુલભાઈ શાહ, સતીશભાઈ પટેલ, ડી.આર. પટેલ, વાપી નોટિફાઈડના ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારી સહિત અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક દરમિયાન નોટિફાઈડ વિસ્તારના વિવિધ માર્ગોની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખરાબ થયેલા રસ્તાઓનું સમારકામ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. અંતે રૂ. ૧૦ કરોડના ખર્ચે રસ્તાઓનું રિપેરિંગ અને પેચવર્ક કરાવવાનો નિર્ણય લેવાયો હતો. પરંતુ નોટિફાઈડ વિસ્તારના રહેણાંક વિસ્તારના કેટલાક પ્રશ્નો જેવા કે સાફ-સફાઈ ખરાબ રસ્તા અને ટ્રાફિકની સમસ્યા અંગે કોઈ નિર્ણયો લેવાયા કે કેમ તે જાણી શકાયું નથી પરંતુ નોટિફાઈડ વિસ્તારના મહત્વના પોઈન્ટ ઉપર ટ્રાફિક સિગ્નલ લગાવવાની અનેક રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ તે અંગે કોઈ નિર્ણય લેવાયો છે કે કેમ તે મહત્વનું રહ્યું છે.

આ કામગીરી હાથ ધરવામાં આવતાં નોટિફાઈડ વિસ્તારના માર્ગોની સ્થિતિમાં સુધારો થશે અને વાહનચાલકોને અવરજવરમાં પડતી મુશ્કેલીઓમાંથી રાહત મળશે તેવી અપેક્ષા છે.

## આસુરામાં આધેડે જીવન ટૂંકાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૨ :** ધરમપુર તાલુકાના આસરા ગામના માંગળીવાડ ફળિયામાં ૪૫ વર્ષીય કાંતિભાઈ બાબુભાઈ નિકુળીયાએ અગમ્ય કારણોસર પોતાના ઘરના પાછળના ભાગે આવેલા લીંબુના ઝાડ સાથે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર વિગતો મુજબ, આ બનાવ ગત રોજ રાત્રે ૯ વાગ્યા ના સુમારે બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે ધરમપુર પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## કોલકાતામાં ૯મા રાષ્ટ્રીય 'મેડીવિઝન' સંમેલનમાં 'રોલ મોડેલ સેશન' યોજાયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** પશ્ચિમ બંગાળના કોલકાતા સ્થિત વિશ્વ બાંગ્લા કન્વેન્શન સેન્ટર માં ૯મું રાષ્ટ્રીય 'મેડીવિઝન' (MeDeVision) સંમેલન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં ભારતભરની વિવિધ મેડિકલ અને ડેન્ટલ કોલેજોના વિદ્યાર્થીઓ તેમજ તબીબી ક્ષેત્રના અગ્રણી તબીબો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા.

આ સંમેલનમાં આયોજિત 'રોલ મોડેલ સેશન'માં વક્તા તરીકે ડૉ. રોહન ચરીવાલા ઉપસ્થિત રહીને સમાજસેવાના સંકલ્પથી લઈને તમામ પડકારો વચ્ચે તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા સુધીની પ્રેરણાદાયી જીવનયાત્રા રજૂ કરવામાં આવી હતી. આ વિશેષ સત્રમાં ભાવિ તબીબોને વ્યાવસાયિક વિકાસ, નેતૃત્વ, સંઘર્ષ સામે અડગ રહેવાની ભાવના અને સ્વાસ્થ્ય સેવાઓના બદલાતા પરિદ્રશ્ય અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. યુવા તબીબો પોતાના અનુભવોમાંથી શીખીને રાષ્ટ્રહિત અને સમાજ સેવા તરફ આગળ વધે તેવો સંદેશ આ મંચ પરથી અપાયો હતો.

કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી શરદવત મુખર્જી, યુવા બાબતો અને રમતગમત તથા ગ્રાહક બાબતોના રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો) ઈન્દ્રનીલ ખાન, મેડીવિઝનના રાષ્ટ્રીય કન્વીનર ડૉ. મૌલિક ઠક્કર, એબીવીપીના રાષ્ટ્રીય મહામંત્રી ડૉ. વીરેન્દ્રસિંહ સોલંકી તેમજ પાનીહાટીના ધારાસભ્ય રત્ના દેબનાથ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મેડીવિઝન ટીમ દ્વારા કરવામાં આવેલા ઉમદા આયોજન અને આતિથ્ય સત્કારની સરાહના કરવામાં આવી હતી તેમજ ભારતમાતાની સેવા કાજે તબીબી ક્ષેત્રે આગળ વધી રહેલા તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

## વાપી હાઈવે બ્રિજ નીચે જાહેરાતોના બોર્ડનું ગ્રહણ લાગી શકે

### નોટીફાઈડ દ્વારા લાખોના ખર્ચે પાર્કિંગ અને દિવાલોના રંગરોગાન બાદ દૂષણ ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની જરૂર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૩ :** વાપી નોટીફાઈડ દ્વારા હાઈવેના બ્રિજ નીચેના વિસ્તારને નવો ઓપ આપવાની કામગીરી શરૂ કરાઈ રહી છે. વાપી નોટીફાઈડ દ્વારા પેપિલોન હાઈવે બ્રિજ અને ચાર રસ્તા ઓવર બ્રિજ નીચે વર્ષોથી ખુલ્લા પડેલા ગાળાઓમાં પેવર બ્લોક લગાવી પાર્કિંગ સ્પેસ તરીકે વિકાસ કરવામાં આવી રહ્યો છે. સાથે જ બ્રિજની બંને તરફની દિવાલોનું સફાઈ બાદ સફેદ કલરથી રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે અત્યાર સુધી કચરો અને અંધારપટથી ભરેલો વિસ્તાર હવે ચોખ્ખો અને સુંદર દેખાવા લાગ્યો છે. જોકે આ સુંદર કામગીરી બાદ સૌથી મોટો સવાલ જાળવણીનો છે. ભૂતકાળનો અનુભવ કડવો રહ્યો છે. અગાઉ પણ નોટીફાઈડ કે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા બ્રિજની દિવાલો રંગવામાં આવી હતી. પરંતુ થોડા જ દિવસોમાં કેટલાક શોરૂમ, દુકાનો અને જમીન દલાલોએ પોતાની જાહેરાતો માટે આ દિવાલો પર ગેરકાયદેસર રીતે બોર્ડ ચીતરાવી દીધા હતાં. મોટા અક્ષરોમાં મોબાઈલ નંબર સાથે લખાયેલી જાહેરાતોથી આખું રંગરોગાન ખરાબ થઈ ગયું હતું અને સુંદરતા પર ગ્રહણ લાગ્યું હતું. લાખો રૂપિયાના ખર્ચે થઈ રહેલા આ રિનોવેશનને જાળવવું એટલું જ જરૂરી છે. આ માટે નોટીફાઈડ તંત્રએ હવેથી જ તકેદારી રાખવી પડશે. દિવાલો પર જાહેરાત ચીતરનારા કે બેનર લગાવનારાઓ સામે આકરો દંડ વસૂલવા સાથે કાયદેસરની કાર્યવાહી કરવાની જાહેર ચેતવણી આપવાની જરૂર છે, જેથી ફરી એકવાર જાહેર સંપત્તિ પર ખાનગી જાહેરાતોનું અતિક્રમણ ન થાય.

## રવિવારે વાપી ગાયત્રી મંદિરે પાટોત્સવ ઉજવાશે

**વાપી, તા.૨૩ :** ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, વાપી દ્વારા શરદ પૂર્ણિમા તેમજ ગાયત્રી મંદિર પાટોત્સવના પાવન પ્રસંગે દિવ્ય ગાયત્રી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. શરદ પૂર્ણિમાને વર્ષની સૌથી પવિત્ર રાત્રિ માનવામાં આવે છે અને આ દિવસે થતો ગાયત્રી હવન સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવનારો માનવામાં આવે છે. આ ધાર્મિક અનુષ્ઠાનમાં સૌને સપરિવાર સાદર આમંત્રિત કરવામાં આવ્યા છે. હવનનું આયોજન રવિવાર, ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યાથી ગાયત્રી મંદિર, હોટેલ પેપિલોનની પાછળ, N.H. ૪૮, ખાતે શરૂ થશે. પાટોત્સવના અવસરે મંદિરમાં વિશેષ શણગાર અને પૂજા-અર્ચના પણ કરવામાં આવશે. આયોજકો દ્વારા વધુ માહિતી માટે ૯૮૨૪૬૮૫૫૯૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## બગવાડા ટોલનાકા પાસે વાહનની ટક્કરે વૃધ્ધનું મોત

**પારડી, તા.૨૩ :** પારડીના દમણીઝાંપા વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધનું બગવાડા ટોલનાકા નજીક નેશનલ હાઈવે-૪૮ પર અજાણ્યા વાહનની ટક્કરથી મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાયા બાદ અજાણ્યો વાહનચાલક પોતાનું વાહન લઈને ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્રએ પારડી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પારડીના દમણીઝાંપા, પટેલ ફળિયામાં રહેતા શૈલેષભાઈ કીકુભાઈ શાહ(ઉં.વ. ૬૨ વાપીના ઈમરાનનગર વિસ્તારમાં આવેલી ઓફિસમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતાં. તા.૨૨ ઓક્ટોબરના રોજ તેઓ રોજિંદા ક્રમ મુજબ સવારે મોટરસાઈકલ નંબર GJ-15-DR-0708 લઈને વાપી ખાતે પોતાની ઓફિસે ગયા હતાં. સાંજના સમયે તેઓ ઓફિસનુ કામ પૂર્ણ કરીને મોટરસાઈકલ પર વાપીથી પારડી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતાં. તે દરમિયાન સાંજે આશરે ૫:૪૫થી ૬:૧૫ વાગ્યાની વચ્ચે બગવાડા ટોલનાકા પહેલાં નેશનલ હાઈવે-૪૮ પર વાપીથી વલસાડ તરફ જતાં માર્ગે કોઈ અજાણ્યા વાહનચાલકે તેમની મોટરસાઈકલને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં શૈલેષભાઈને માથા તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ તેમનું મોટરસાઈકલ પણ પાછળના ભાગે નુકસાનગ્રસ્ત હાલતમાં મળી આવ્યું હતું. બનાવને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થયાં હતાં અને પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ મૃતદેહને પારડી સરકારી હોસ્પિટલના પી.એમ. રૂમમાં ખસેડવામાં આવ્યો હતો.

## સોળસુંબા ગ્રા.પં.ના ઉપસરપંચ પદે નૂતન ચોરસિયાની જીત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૨૩ :** ઉમરગામ તાલુકાની સોળસુંબા ગ્રામ પંચાયતના ઉપસંરપચ પદ માટે આજે તા.૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ચૂંટણી યોજાઈ હતી. જેમાં નૂતન અભિલેશ્વર ચોરસિયાને બહુમતી મળતાં તેમને ઉપસરપંચ પદ માટે વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

જિલ્લા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા મંજૂર કરવામાં આવેલા હુકમોના આધારે સરપંચ અને ઉપસરપંચના હોદ્દા પરથી દૂર કરવાની કાર્યવાહી બાદ બંને હોદ્દા ખાલી પડતાં ઉપસરપંચની ચૂંટણી યોજવાનો આદેશ આપવામાં આવ્યો હતો. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ગ્રામ પંચાયતના કુલ ૧૯ સભ્યો પૈકી ૧૪ સભ્યો હાજર રહ્યા હતાં. ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ બે માન્ય ઉમેદવારો વચ્ચે મતદાન યોજાયું હતું. તેમાં શ્રવણ જગન્નાથ શાહને ૩ મત મળ્યા હતાં, જ્યારે નૂતન અભિલેશ્વર ચોરસિયાને ૧૧ મત મળતાં તેમને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

ઉપસરપંચ તરીકે ચૂંટાઈ આવેલા નુતનબેનને પરિવારના સભ્યો તથા સમર્થકોએ પુષ્પગુચ્છ આપી શુભકામના પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સોળસુંબા ગ્રામ પંચાયતમાં પ્રથમવાર મહિલા ઉપસરપંચ ચૂંટાઈ આવતા મહિલા સભ્યોમાં આનંદની લાગણી જોવા મળી હતી. બહુધાપર પ્રાંતીય વસ્તી ધરાવતી ગ્રામ પંચાયતમાં પ્રથમવાર પરપ્રાંતીય પ્રતિનિધિને મહત્વનું સ્થાન મળતા પરપ્રાંતીય સમાજના લોકો પણ ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.

આમ, બહુમતી મત મળતાં નૂતન ચોરસિયાની સોળસુંબા ગ્રામ પંચાયતના ઉપસરપંચ પદે પસંદગી થઈ હતી. આ ચૂંટણીને પગલે ગ્રામ પંચાયતના સ્થાનિક રાજકીય સમીકરણોમાં પણ ચર્ચા શરૂ થઈ છે. ચૂંટણી પ્રક્રિયામાં તલાટી કમ મંત્રી રણજીતભાઈની ઉપસ્થિતિમાં રણજીતભાઈ તાલુકા પંચાયત કચેરીના અધ્યાસી અધિકારી મનીષભાઈ એ ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી હતી.

### જાહેર નોટીસ

**મહેરબાન ધરમપુરના પ્રીન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ધરમપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજી નં.૧૭૯/૨૦૨૬**
**મુદત તારીખ : ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : ભીમાભાઈ લાછુભાઈ બિરારી**
**રહે.** લાકડમાળ, નિશાળ ફળિયું
તા.ધરમપુર, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,**
**તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ-પંચાયત, લાકડમાળ**
**ગ્રામ પંચાયત કચેરી, બરૂમાળ,**
**તા.ધરમપુર, જી.વલસાડ**

આથી આ જાહેર નોટીસ દ્વારા તમામ લાગતા વળગતા લોકોને ઉપર જણાવેલ નંબરની અરજી આ કામના અરજદારનાઓએ તેમના કાકા **રૂપલભાઈ સોમલ્યાભાઈ બિરારીનું** મરણ તા.૧૩/૦૮/૨૦૦૫ના રોજ મોજે ગામ-લાકડમાળ, તા.ધરમપુર, જી.વલસાડ મુકામે થયું હતું. જે મુજબનો મરણનો દાખલો મેળવવા માટે અત્રેની પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે જન્મ અને મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી કરેલ છે. જે અંગેનો કોઈપણને વાંધો વિરોધ હોય તો તમે જાતે અથવા આપના અધિકૃત વકીલશ્રી મારફતે તારીખ ૨૧/૧૧/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ વાગ્યે પ્રિન્સીપાલ સીવીલ કોર્ટ, ધરમપુર ખાતે હાજર રહીને તે અંગેનો લેખિત વાંધો રજુ કરી શકે છે. જો આપ ઉપર જણાવેલ તારીખ અને સમયે કોર્ટ સમક્ષ હાજર નહીં રહો, તો આપની ગેરહાજરીમાં એકતરફી આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, જેની ગંભીર નોંધ લેવી.
આજરોજ તા.૨૨મી, માહે-ઓક્ટોબર, સને - ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (એચ.એન. પટેલ) | (એમ.વી. પટેલ) | | (પી.એમ. ડાભી) |
| આસિસ્ટન્ટ | સુપ્રિટેન્ડેન્ટ, | | રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, |
| સીવીલ કોર્ટ, ધરમપુર | સીવીલ કોર્ટ, ધરમપુર | | ધરમપુર |

### જાહેર નોટીસ

**મહે.વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

**અરજદારના વ.શ્રી. બી.ડી. પટેલ**
**ફો.પ.અ.નં.૮૨૨/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : મોહમદ કાસીમ જાવેદ અલી ચૌધરી**
રહે. ૩૬૩/૪ રૂમ, મિલ્લાત નગર, ડીસેંટ હોટલ સામે ડુંગરી ફળિયા
વાપી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : મહે. કમિશ્નર સાહેબ શ્રી (ચીફ ઓફીસર)**
**વાપી મહાનગર પાલિકા, વાપી**

**જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ -૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૮૨૨/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના દીકરી નામે **ઝૈનબ ખાતુન મોહમદ કાસીમ ચૌધરી**નો જન્મ તા.૨૦-૦૫-૨૦૧૪ના રોજ મુ.પો. વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના માતાની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ - મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જનમના દાખલાની જરૂર હોઈ અરજદારના માતાના મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૧-૧૧-૨૦૨૬નાં રોજ સવારે ૧૦.૪૫ કલાકે જાતે તથા/ અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.
આજ તા.૨૨મી માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર અને હુકમથી |
|---|---|---|
| સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (એમ. બી. મણવર) | | (પી.પી. વૈષ્ણવ) |
| આસીસ્ટન્ટ | | સુપ્રિન્ટેન્ડન્ટ |

### જાહેર નોટીસ

**મહે.વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

**અરજદારના વ.શ્રી. બી.ડી. પટેલ**
**ફો.પ.અ.નં.૮૨૧/૨૦૨૬**
**મુદત તારીખ :- ૨૧/૧૧/૨૦૨૬**

**અરજદાર : મોહમદ કાસીમ જાવેદ અલી ચૌધરી**
રહે. ૩૬૩/૪ રૂમ, મિલ્લાત નગર, ડીસેંટ હોટલ સામે ડુંગરી ફળિયા
વાપી, તા.વાપી, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : મહે. કમિશ્નર સાહેબ શ્રી (ચીફ ઓફીસર)**
**વાપી મહાનગર પાલિકા, વાપી**

**જન્મ-મરણ અધિનિયમ ૧૯૬૯ની કલમ -૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૮૨૧/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના દીકરા નામે **મોહમદ અરશદ મોહમદ કાસીમ ચૌધરી**નો જન્મ તા.૧૩-૦૪-૨૦૧૭ના રોજ મુ.પો. વાપી મુકામે ઘરે થયેલ હતો. જે તે સમયે તેમના જન્મની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના માતાની મરણ નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ - મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે જનમના દાખલાની જરૂર હોઈ અરજદારના માતાના મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૨૧-૧૧-૨૦૨૬નાં રોજ સવારે ૧૦.૪૫ કલાકે જાતે તથા/ અથવા પોતાનાં માહિતગાર વકીલશ્રી મારફત હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.
આજ તા.૨૨મી માહે ઓક્ટોમ્બરને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર અને હુકમથી |
|---|---|---|
| સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (એમ. બી. મણવર) | | (પી.પી. વૈષ્ણવ) |
| આસીસ્ટન્ટ | | સુપ્રિન્ટેન્ડન્ટ |

**UT Administration of Dadra & Nagar Haveli and Daman & Diu**
**VIGILANCE DEPARTMENT**

**APPEAL**

**Observance of Vigilance Awareness Week, 2026**

26th October to 01st November, 2026 on theme;

**"Probity for Prosperity"**
**"सत्यनिष्ठा से समृद्धि"**

All the citizens, corporate, entities, firms etc. are requested to take online Integrity Pledge. The same is available on the Central Vigilance Commission's website http://www.cvc.gov.in.

**NO.IP/DMN/2/5/2026-27/592 DATE : 23/10/2026**

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો સવારના ૯:૩૦ થી સાંજના ૬:૦૦ સુધી બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૨૮-૧૦-૨૦૨૬ (બુધવાર) | સિલ્લી | ૧૧ કેવી સિલ્લી રૂલર | સિલ્લી હરદુનપાડા, સિલ્લી કુવાપાડા, સિલ્લી કોમ્બાપાડા, સિલ્લી ચોકીપાડા, વડપાડા, પારસીપાડા, જનાથીયાપાડા, તલાવપાડા, વાંગરીપાડા, વખારપાડા, ખેરુનપાડા, કાપરીયાપાડા, યુટી વેસ્ટ મેનેજમેન્ટ, રેમકો ઈન્ડ., હેમિલ્ટન, મા પ્લાસ્ટોટેક વગેરે |

અસુવિધા બદલ દિલગીર છીએ



**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**
અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો
અને સુરક્ષિત રહો
**એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે**

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

### કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામ પંચાયત પરવાસા તા.પારડી, જી.વલસાડની હદ વિસ્તારમાં પટેલ ફળિયામાં આવેલ આંગણવાડીના જૂના અને જર્જરિત મકાનના કાટમાળ/ બાંધકામ (ડીમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.
- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- **જર્જરિત મકાનની વિગત :**

પરવાસા, પટેલ ફળિયામાં આંગણવાડીનું મકાન
**હરાજી સ્થળ :** પટેલ ફળિયા આંગણવાડી પાસે
**હરાજી સમય :** સવારે ૧૦:૩૦ કલાકે
**તારીખ :** ૨૮/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**પરવાસા**

### કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામ પંચાયત બાલદા તા.પારડી, જી.વલસાડની હદ વિસ્તારમાં મોટા ફ.માંમાં આવેલ આંગણવાડીના જૂના અને જર્જરિત મકાનના કાટમાળ/ બાંધકામ (ડીમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.
- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- **જર્જરિત મકાનની વિગત :**

બાલદા મોટા ફ. આંગણવાડીનું મકાન
**હરાજી સ્થળ :** મોટા ફ. આંગણવાડી પાસે
**હરાજી સમય :** સવારે ૧૦:૦૦ કલાકે
**તારીખ :** ૨૮/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**બાલદા**

### કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામ પંચાયત આમળી તા.પારડી, જી.વલસાડની હદ વિસ્તારમાં દિપલી ફળિયામાં આવેલ આંગણવાડીના જૂના અને જર્જરિત મકાનના કાટમાળ/ બાંધકામ (ડીમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.
- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- **જર્જરિત મકાનની વિગત :**

આમળી, દિપલી ફળિયામાં આંગણવાડીનું જર્જરિત મકાન
**હરાજી સ્થળ :** આમળી, દિપલી ફળિયા આંગણવાડી પાસે
**હરાજી સમય :** ૧૧:૦૦ કલાકે
**તારીખ :** ૨૮/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**આમળી**

### કાટમાળ અંગેની જાહેર હરાજી

ગ્રામ પંચાયત પંચલાઈ તા.પારડી, જી.વલસાડની હદ વિસ્તારમાં મોટા ફ.માં આવેલ આંગણવાડી તથા સ્કૂલ ફળિયાની જૂના અને જર્જરિત મકાનના કાટમાળ/ બાંધકામ (ડીમોલેશન)નો જાહેર હરાજીથી નિકાલ કરવાનો હોય, રસ ધરાવતા ઈસમોને નીચે જણાવેલ સ્થળે, સમયે અને તારીખે હાજર રહી હરાજીમાં ભાગ લેવા આથી જાણ કરવામાં આવે છે.
- રસ ધરાવતા ઈસમોએ હરાજીમાં મુકેલ જર્જરિત મકાન/ સ્થળનું નિરિક્ષણ હરાજી પહેલા કરી લેવાનું રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે અનામત (ડીપોઝીટ)ની રકમ હરાજી સમય પહેલા જમા કરાવવાની રહેશે.
- હરાજીમાં ભાગ લેનારે સરકાર માન્ય ઓળખકાર્ડ સાથે લાવવાનો રહેશે.
- હરાજી થયાના દિન-૦૨માં સમગ્ર કાટમાળ તોડી તેને દૂર કરી જમીન સમતળ કરી આપવાની રહેશે.
- હરાજી અંગેની આખરી સત્તા અને અન્ય શરતો ગ્રામ પંચાયત હસ્તક રહેશે. જે હરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.
- **જર્જરિત મકાનની વિગત :**

(૧) પંચલાઈ મોટા ફ. આંગણવાડીનું મકાન તથા (૨) સ્કૂલ ફ. આંગણવાડીનું મકાન
**હરાજી સ્થળ :** પંચલાઈ ગ્રામ પંચાયત પાસે
**હરાજી સમય :** સવારે ૧૨:૦૦ કલાકે
**તારીખ :** ૨૮/૧૦/૨૦૨૬

**સહી/-**
**સરપંચશ્રી ગ્રામ પંચાયત**
**પંચલાઈ**

ટેરેસ ગળે છે ??



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361



કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઈસ્કુલ સામે, બેચર રોડ, વલસાડ. Mo.:8690820403

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVĀN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa
Septic Tank Cleaner
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com




# દમણગંગા ટાઇમ્સ


દમણગંગા ટાઇમ્સ

ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com


## દમણમાં ભંગારના ગોડાઉનમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૩ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણના વરકુંડ મુખ્ય માર્ગ પાસે શુક્રવારે સવારે એક ભંગારના ગોદામમાં અચાનક આગ લાગી હતી, જેના કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સવારે ૫:૩૦ વાગ્યાની આસપાસ લાગેલી આગ ઝડપથી વિકરાળ બની હતી. ગોદામમાં મોટી માત્રામાં પ્લાસ્ટિકની વસ્તુઓ સંગ્રહિત હોવાથી આગ ઝડપથી ફેલાઈ ગઈ અને થોડા જ સમયમાં આગ વધુ ભડકી ઉઠી. ઘટનાની માહિતી મળતાં, ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી ગયું અને આગ ઓલવવાનું કામ શરૂ કર્યું. વેરહાઉસમાં પ્લાસ્ટિક સહિત જ્વલનશીલ પદાર્થો હોવાને કારણે, આગને કાબુમાં લેવા માટે ખાસ તકેદારી રાખવી જરૂરી હતી. ઘણા પ્રયત્નો પછી, ફાયર ફાઈટરોએ આગને કાબુમાં લીધી, તેને વધુ ફેલાતી અટકાવી. આગને કારણે વેરહાઉસ ઉપરથી પસાર થતી હાઈ-ટેન્શન પાવર કેબલને પણ નુકસાન થયું હતું. હાઈ-ટેન્શન પાવર લાઇન પર થયેલી અથડામણથી ઘટનાની ગંભીરતા વધુ વધી ગઈ હતી. આગ ઓલવતી વખતે ફાયર ફાઈટરોએ સાવધાની રાખવી પડી હતી. રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, વેરહાઉસના માલને કેટલું નુકસાન થયું છે તેની વિગતો હજુ સુધી જાણી શકાયી નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ પણ હજુ સુધી જાણી શકાયું નથી. વહેલી સવારની આ ઘટના બાદ આ વિસ્તારમાં થોડા સમય માટે ભયનો માહોલ છવાઈ ગયો હતો.

## વાપી મનપાના ૧૧ ગામોમાં સ્ટ્રીટલાઈટો ઝળહળતી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાપી, તા. ૨૩ :** વાપી મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ કરવામાં આવેલા ૧૧ ગામોમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ ગામોના મોટાભાગના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ માટે ઊભા કરવામાં આવેલા પોલ પર લાઈટ શરૂ કરી દેવામાં આવતાં રાત્રિના સમયે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને સ્થાનિક રહેવાસીઓને મોટી રાહત મળી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાપી મહાનગરપાલિકામાં નવા સમાવિષ્ટ કરવામાં આવેલા ૧૧ ગામો પૈકી નામધા, ચંડોર, સલવાવ, ચણોદ, બલીઠા અને કરવડ સહિતના વિસ્તારોમાં લોકોને જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ શરૂ થતાં રાત્રિના સમયે રસ્તાઓ પર પ્રકાશની સુવિધા ઉપલબ્ધ બની છે, જેના કારણે સ્થાનિક લોકોને અવરજવરમાં સરળતા રહેશે. રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગત વિધાનસભા ચૂંટણી તેમજ વાપી મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ, પાણી, ડ્રેનેજ અને સફાઈ સહિતની આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવામાં આવી હતી. જેને ધ્યાને લઈ આ કામને મેયર દક્ષાબેન પટેલ, ડે. મેયર મિતેષભાઈ દેસાઈ, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન સતિષભાઈ પટેલ તેમજ લાઈટ એન્ડ ફાયર વિભાગના રણજીતભાઈ પટેલ અને કમિશ્નર એન.એફ. ચૌધરી અને તેમની ટીમ દ્વારા આ નવા સમાવિષ્ટ ગામોના શહેરી વિકાસને વેગ આપવા તેમજ સ્થાનિક રહેવાસીઓને પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના પ્રયાસોના ભાગરૂપે સ્ટ્રીટ લાઈટ શરૂ થવાથી લોકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. આગામી સમયમાં અન્ય પ્રાથમિક સુવિધાઓ પણ વધુ સુદૃઢ બને તેવી સ્થાનિક રહીશોમાં અપેક્ષા છે.

## વલસાડ પોલીસ હેડકવાર્ટરના ચોથા માળેથી પડી જતાં પો.કો.ની પત્નીનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડના અબ્રામા માં આવેલા પોલીસ હેડક્વાર્ટર કેમ્પસમાં નવી બિલ્ડિંગના ચોથા માળે આવેલા ફ્લેટની ગેલેરીમાં સાફસફાઈ કરતી વખતે ચક્કર આવી જતાં નીચે પટકાયેલા ૨૮ વર્ષીય પરિણીતાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. મૃતક વલસાડ પોલીસની એલસીબી શાખામાં ફરજ બજાવતા પોલીસકર્મીના પત્ની હતા.

વલસાડ એલસીબી શાખામાં ફરજ બજાવતા ભાવિકભાઈ પરભુભાઈ કોળી પટેલના પત્ની તન્વીબેન (ઉં.વ. ૨૮) પોતાના પરિવાર સાથે પોલીસ હેડક્વાર્ટર કેમ્પસની નવી બિલ્ડિંગ નં. ૨૨ ના ચોથા માળે ફ્લેટ નં. ૪૦૩ માં રહેતા હતા. તેઓને ૫ માસની દીકરી 'નિરવી' છે. ગઈકાલે તારીખ ૨૨ મીના રોજ સવારે ૧૧:૧૫ કલાકે તન્વીબેન પોતાના ફ્લેટની ગેલેરીમાં સાફસફાઈ કરી રહ્યા હતા,

તે દરમિયાન તેમને અચાનક ચક્કર આવી જતાં તેઓ સંતુલન ગુમાવી ચોથા માળેથી સીધા નીચે પટકાયા હતા. નીચે પટકાતાં તન્વીબેનને માથા, છાતી તેમજ પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને વલસાડની લોટસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ સમગ્ર કરુણ બનાવ અંગે મૃતકના ભાઈ દ્વિનેશભાઈ પ્રવિણભાઈ પટેલે વલસાડ સિટી પોલીસ મથકે જાણ કરી હતી. પોલીસે બનાવ સંદર્ભે અકસ્માતે મોત અંગેની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી તેમજ આગળની તપાસ હાથ ધરી છે. માત્ર પાંચ માસની બાળકીએ માતાની છત્રછાયા ગુમાવતા પોલીસ બેડા સહિત સમગ્ર વિસ્તારમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે.

## વલસાડમાં કુરિયરના નામે માલવેર ડાઉનલોડ કરાવી 'સી મેન'ના રૂા. ૪.૬૪ લાખ પડાવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૩ :** વલસાડ શહેરના કોસંબા રોડ પર આવેલ રાજશ્રીનગર સોસાયટીમાં રહેતા સિ મેન નો કુરિયરની ડીલેવરી મેળવવાના બહાને રૂા. ૪.૬૪ લાખનો સાયબર ફ્રોડ કરવામાં આવતા તેમણે સાઈબરમાં ફરિયાદ નોંધાવી છે. દિવાળીના તહેવારો અને ઓનલાઈન શોપિંગ ના આજના જમાનામાં જગ્યાઓ અવનવી તરકીબો અજમાવી ગ્રાહકોના ખાતા ખાલી કરી રહ્યા છે. ત્યારે આવો જ કિસ્સો વલસાડના કોસંબા રોડ પર આવેલ રાજશ્રીનગર સોસાયટીમાં રહેતા અને છેલ્લા ૧૮ વર્ષથી 'સી મેન' તરીકે નોકરી કરતા રામકૃષ્ણ ગોવિંદભાઈ ટંડેલ (ઉ.વ. ૩૮) રહે છે.

ગત તા. ૧૫/૦૯/૨૦૨૬ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે રામકૃષ્ણ ટંડેલ પોતાના ઘરે હાજર હતા. તે દરમિયાન જહાજ પર નોકરી કરતા તેમના કાકાના દિકરા પરીક્ષિત ટંડેલે ફોન કરીને જણાવેલ કે, તેણે દિલ્હીથી કુરિયર મારફતે ઓનલાઈન એક સાયકલ મંગાવી હતી. કુરિયર ટ્રેકિંગ મુજબ સાયકલ વલસાડ આવી ગઈ હોવાનું દર્શાવતું હતું. પરીક્ષિતે સાયકલ કુરિયર ઓફિસેથી મેળવી લેવા વિનંતી કરી હતી. વલસાડમાં કુરિયરની ઓફિસ ક્યાં આવેલી છે તેની જાણ ન હોવાથી ફરીયાદી રામકૃષ્ણભાઈએ ગૂગલ (Google) પર DELHIVERY કુરિયરનો કસ્ટમર કેર નંબર સર્ચ કર્યો હતો. જ્યાંથી તેમને મોબાઈલ ન મળ્યો હતો.ફરીયાદીએ કસ્ટમર કેરના મળેલા નંબર પર ફોન કરતા સામેથી હિન્દીમાં વાતચીત કરતી અજાણી વ્યક્તિએ કુરિયર ટ્રેકિંગનો સ્ક્રીનશોટ વોટ્સએપ પર મોકલવા કહ્યું હતું. સાથે જ, કુરિયર ડિલિવરી માટે એક ફાઈલ મોકલી તેમાં વિગતો ભરવા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ અજાણ્યા નંબરેથી વોટ્સએપ પર Customer Support V1.apk નામની એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. ફરીયાદીએ આ ફાઈલ ડાઉનલોડ કરી પોતાના ઈમેલ આઈડીની વિગતો દર્શાવ્યા મુજબ દાખલ કરી હતી. સાયબર ભોપાલ બાજ ગઠિયાઓએ આ થર્ડ પાર્ટી APK ફાઈલ મારફતે ફરીયાદીના ફોન અને તેમાં રહેલી PhonePe એપ્લિકેશનનું ગુપ્ત એક્સેસ મેળવી લીધું હતું.

ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૬: ૦૦ વાગ્યે આડીએફસી બેંક વલસાડ શાખામાંથી ફરીયાદીને ફોન આવ્યો હતો કે તેમના એકાઉન્ટમાંથી વારંવાર મોટા નાણાકીય ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે. આ સાંભળી આશ્ચર્યચકિત થયેલા ફરીયાદીએ ફોનપે માં તપાસ કરતા તેમના બે બેંક ખાતામાંથી IDBI બેંક ના ખાતામાંથી રૂા. ૨,૭૨,૪૪૯, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી ૧,૯૨,૨૪૮ મળી કુલ રૂ. ૪,૬૪,૬૯૭ જેટલી રકમ રવાના થઈ ચૂકી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું માલૂમ પડતાં જ રામકૃષ્ણભાઈએ તાત્કાલિક નેશનલ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી પોતાની ફરિયાદ નોંધાવી હતી.

## વાપી ગીતાનગરમાં પરિણીતાનો આપઘાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વાપીના ગીતાનગર વિસ્તારમાં એક પરિણીતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગીતાનગરમાં આવેલા અમર એપાર્ટમેન્ટમાં રહેતા મુકેશ વિશ્વકર્માની પત્ની રિતિક્ષા (ઉં.વ. ૨૬) એ ગઈકાલે રાત્રે પરિવારજનો સૂઈ ગયા બાદ કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. ઘટનાની જાણ વાપી ટાઉન પોલીસને કરાતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પ્રાથમિક તપાસમાં આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દાદરામાં જુગાર રમતાં ૯ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૨૩ : દાદરા પંચાયત વિસ્તારમાં કથિત રીતે ચાલતા જુગારધામ પર સેલવાસા પોલીસે મધરાતે દરોડો પાડી નવ શખ્સોની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા સ્થળ પરથી રૂા. ૯૭ હજાર રોકડા, તાસનાં પત્તાં અને મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા છે. આ કાર્યવાહી પોલીસ અધિક્ષક સચિન યાદવના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, દાદરા પંચાયત વિસ્તારમાં રામમંદિર પાછળ આવેલી એક વાડીમાં જુગાર રમાતો હોવાની બાતમી પોલીસને મળી હતી. આ બાતમીના આધારે ગુરુવાર, તા. ૨૨ ઑક્ટોબરની મધરાતે સેલવાસા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ વિશાલ પટેલની આગેવાની હેઠળ પોલીસ ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન સ્થળ પરથી નવ શખ્સોને પકડી તેમની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલા શખ્સોમાં ગૌરવ મિશ્રા, સિરાજ રાધનપુરા, રાજુ, ગજાનન પવાર, સંતોષ અને નાસિર સહિત અન્ય ત્રણ લોકોનો સમાવેશ થાય છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ ઉપરાંત તાસનાં પત્તાં અને મોબાઈલ ફોન પણ કબજે કર્યા છે. દાદરા વિસ્તારમાં થયેલી આ પોલીસ કાર્યવાહીને પગલે સ્થાનિક સ્તરે ચર્ચા શરૂ થઈ છે. હાલ પોલીસ અધિક્ષક સચિન યાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વિશાલ પટેલ દ્વારા કેસમાં વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન કથિત જુગારધામને લગતી અન્ય વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

## છીરીમાં મોટા પ્રમાણમાં નશીલો પદાર્થ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૩ :** વલસાડ જિલ્લામાં નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરીને નાથવા પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલા સઘન અભિયાન અંતર્ગત વાપીના છીરી વિસ્તારમાં મોટી સફળતા મળી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગઈકાલે નાર્કોટિક્સ વિભાગ અને સ્થાનિક પોલીસે એસ.પી. યુવરાજસિંહ જાડેજા અને વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ છીરી સહિતના વિસ્તારમાં દરોડા પાડ્યા હતા. આ રેડ દરમિયાન મોટી માત્રામાં નશીલો પદાર્થનો જથ્થો હાથ લાગ્યો છે અને કેટલાક ઈસમોની ધરપકડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હાલ પકડાયેલ જથ્થો કેટલો છે અને કોની ધરપકડ થઈ છે તે અંગેની સત્તાવાર વિગતો સામે આવી નથી. આ અંગે જિલ્લા પોલીસ વડા દ્વારા શનિવારે પત્રકાર પરિષદ યોજીને વિસ્તૃત માહિતી આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.



















**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**